सत्यमेव जयते

# કામકાજનો ટૂંકો અહેવાલ

## ત્રીજી ગુજરાત વિધાનસભા
## ૧૦મું અધિવેશન

(૧૫મી માર્ચથી ૩૧મી માર્ચ, ૧૯૭૧
અને
તા. ૨૮મી એપ્રિલ, ૧૯૭૧)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર
જુન, ૧૯૭૧

[ કિંમત : રૂ. ૦૦-૭૦ પૈસા ]

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ત્રીજી ગુજરાત વિધાનસભાના દસમા અધિવેશન (૧૫મી માર્ચથી ૩૧મી માર્ચ અને તા. ૨૮મી એપ્રિલ, ૧૯૭૧)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપેલી છે, શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર,
તા. ૨૩-૬-૧૯૭૧.

દ્વિજેન દેસાઈ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ત્રીજી ગુજરાત વિધાનસભાના દસમા અધિવેશન (૧૫મી માર્ચ થી ૩૧મી માર્ચ અને ૨૮મી એપ્રિલ, ૧૯૭૧)માં થયેલાં કામકાજનો ટૂંકો અહેવાલ ... | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક-૧, સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલી હાજરી ... | ૧૦ |
| ૩. | પત્રક ક્રમાંક-૨, સભ્યશ્રીઓની તારીખવાર હાજરી ... | ૧૫ |
| ૪. | પત્રક ક્રમાંક-૩, અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલાં કામકાજનો સારાંશ ... ... | ૧૬ |
| ૫. | પત્રક ક્રમાંક-૪, તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં) ... ... | ૪૧ |
| ૬. | પત્રક ક્રમાંક-૫, તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ... | ૪૪ |
| ૭. | પત્રક ક્રમાંક-૬, અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ... | ૪૬ |
| ૮. | પત્રક ક્રમાંક-૭, સરકારી વિધેયકો ... ... | ૪૮ |
| ૯. | પત્રક ક્રમાંક-૮, સન ૧૯૬૯-૭૦ના વર્ષ માટેની પૂરક માગણીઓ. ... | ૫૨ |
| ૧૦. | પત્રક ક્રમાંક-૯, સભામોકૂફીનો પ્રસ્તાવ ... ... | ૫૪ |
| ૧૧. | પત્રક ક્રમાંક-૧૦, ધ્યાન દોરતી સૂચનાઓ ... | ૫૫ |
| ૧૨. | પત્રક ક્રમાંક-૧૧, દાખલ કરવા માટેનાં બિન-સરકારી વિધેયકો. ... | ૫૭ |
| ૧૩. | પત્રક ક્રમાંક-૧૨, પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો ... | ૫૮ |
| ૧૪. | પત્રક ક્રમાંક-૧૩, જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી. ... | ૬૨ |
| ૧૫. | પત્રક ક્રમાંક-૧૪, જુદી જુદી સમિતિઓ ઉપર અધ્યક્ષશ્રીએ નીમેલા સભ્યો ... ... | ૬૪ |
| ૧૬. | પત્રક ક્રમાંક-૧૫, વિભાજન ... | ૬૫ |

## ત્રીજી ગુજરાત વિધાનસભાના દસમા અધિવેશનમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

### પ્રારંભિક

ત્રીજી ગુજરાત વિધાનસભાનું દસમું અધિવેશન સોમવાર, તા. ૧૫મી માર્ચ, ૧૯૭૧ના રોજ શરૂ થયું હતું અને તા. ૩૦મી માર્ચ, ૧૯૭૧ના રોજ મુખ્ય મંત્રીશ્રીએ મંત્રીમંડળનું રાજીનામું આપ્યું હોવાથી બુધવાર, તા. ૩૧મી માર્ચ, ૧૯૭૧ના રોજ બપોરે ૧૨-૧૦ મિનિટે અધિવેશન અચોક્કસ મુદત માટે મુલતવી રહ્યું હતું. મુલત્વી રહેલ અધિવેશન માનનીય અધ્યક્ષશ્રીના આદેશથી બુધવાર, તા. ૨૮મી એપ્રિલ, ૧૯૭૧ના રોજ એક દિવસ માટે ફરી શરૂ થયું હતું અને તે જ દિવસે સમાપ્ત થયું હતું. અધિવેશન દરમિયાન વિધાનસભા કુલ ૧૪ દિવસ મળી હતી. અને તેમાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૧ના રોજ બે બેઠકો હોવાથી કુલ ૧૫ બેઠકો થઈ હતી. અધિવેશન દરમિયાન વિધાનસભાએ કુલ ૫૭ કલાક અને ૪૭ મિનિટ કામ કર્યું હતું.

### હાજરી

અધિવેશન દરમિયાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૩૩ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૧૪ હતી. સરેરાશ હાજરી ૧૨૫ હતી. સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી પત્રક ક્રમાંક-૧માં તેમજ તેમની તારીખવાર હાજરી પત્રક ક્રમાંક-૨માં દર્શાવેલી છે.

### રોજેરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૩માં આપ્યો છે.

### રાજ્યપાલશ્રીનું સંબોધન

ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૬(૧) અનુસાર રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને તારીખ ૧૫મી માર્ચ, ૧૯૭૧ના રોજ બપોરે ૧૨--૦૦ વાગે સંબોધન કર્યું હતું અને તે દિવસે શ્રી ઈન્દુભાઈ પટેલે રાજ્યપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેનું શ્રી ગોંસાઈભાઈ પટેલે સમર્થન કર્યું હતું. આભાર પ્રસ્તાવ પર ૫૧૮ સુધારાની સૂચનાઓ આવી હતી, જેમાંથી અધ્યક્ષશ્રીએ ૨૯ સુધારા દાખલ કર્યા હતા. સભાગૃહે ચર્ચા બાદ બધા સુધારાનો અસ્વીકાર કર્યો હતો. રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર તા. ૧૮, ૧૯ અને ૨૨મી માર્ચ, ૧૯૭૧ના રોજ ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાને અંતે રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવનો સભાગૃહે સ્વીકાર કર્યો હતો.

### તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

અધિવેશન દરમિયાન ૫૮૭ તારાંકિત પ્રશ્નો, ૭૨૪ અતારાંકિત પ્રશ્નો અને ૬૬ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા

પ્રશ્નોની વિભાગવાર માહિતી પત્રકો ક્રમાંક ૪, ૫ અને ૬માં આપવામાં આવી છે. વિધાન-સભા કુલ ૧૧ દિવસ મળી હતી અને આ બધા દિવસો દરમિયાન પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી.

## સરકારી વિધેયકો

અધિવેશન માટેની કાર્યાવલીમાં ૮ સરકારી વિધેયકો બતાવવામાં આવ્યાં હતાં, તેમાંથી ૪ વિધેયકો પસાર કરવામાં આવ્યાં હતાં, ૨ વિધેયકો રજૂ થયાં ન હતાં અને ૨ વિધેયકો સભાગૃહની પરવાનગીથી પાછાં ખેંચી લેવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૭).

## નાણાકીય કામકાજ

૧. **અંદાજપત્રની રજૂઆત**—સન ૧૯૭૧-૭૨નું અંદાજપત્ર તા. ૧૬મી માર્ચ, ૧૯૭૧ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું.

૨. **લેખાનુદાન માટેનો પ્રસ્તાવ**—સન ૧૯૭૧-૭૨ના નાણાકીય વર્ષના અંશત. સમયમાં થનારા ખર્ચ સારૂં રૂા. ૯૫,૭૧,૮૬,૦૦૦ થી વધુ નહીં એવી રકમ રાજ્યપાલશ્રીને આપવા બાબતના લેખાનુદાન માટેનો પ્રસ્તાવ નાણાંમંત્રીશ્રીએ ગુરુવાર, તા. ૨૫મી માર્ચ, ૧૯૭૧ના રોજ રજૂ કર્યો હતો.

૩. **લેખાનુદાન માટેના પ્રસ્તાવ પર સુધારા**—લેખાનુદાન માટેના પ્રસ્તાવ ઉપર ૧૨૭ સુધારાની સૂચનાઓ આવી હતી જેમાંથી ૧ સુધારાની સૂચના મંજૂર કરવામાં આવી હતી જ્યારે બાકીની ૧૨૬ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. પ્રસ્તાવ અને સુધારા ઉપર તા. ૨૫મી અને ૨૬મી માર્ચ, ૧૯૭૧ના રોજ ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાને અંતે તા. ૨૬મી માર્ચ, ૧૯૭૧ના રોજ સભાગૃહે સુધારો નામંજૂર કર્યો હતો અને લેખાનુદાન માટેનો પ્રસ્તાવ પસાર કર્યો હતો.

૪. **ખર્ચનું પૂરક પત્રક**—(૧) **રજૂઆત.**—સન ૧૯૭૦-૭૧ના વર્ષ માટેનું રૂા. ૩૯,૧૬,૯૮,-૮૬૮નું ખર્ચનું પૂરક પત્રક તારીખ ૧૫મી માર્ચ, ૧૯૭૧ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા. ૩૫,૪૫,૦૩,૦૪૭ અને બિન મતપાત્ર રકમ રૂા. ૩,૭૧,૯૫,૮૨૧ હતી.

(૨) **ચર્ચા અને મતદાન**—પૂરક માગણીઓ ઉપર તા. ૨૩, ૨૪ અને ૨૬મી માર્ચ, ૧૯૭૧ના રોજ ચર્ચા અને મતદાન થયું હતું. પૂરક પત્રકમાં સમાવિષ્ટ કુલ ૬૦ માગણીઓ ચર્ચા માટે નક્કી થઇ હતી. પરંતુ તેમાંથી ફકત ૧૧ માગણીઓ ઉપર જ સભાગૃહમાં ચર્ચા થઇ શકી હતી. રજૂ થયેલી બધી જ પૂરક માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક—૮) પૂરક માગણી ક્રમાંક-૧૯ની રાજભવનના કામ અંગે વધારાના ખર્ચના રૂા. ૧૩,૦૦૦ની રકમની માગણી નાણામંત્રીશ્રીએ પાછી ખેંચી લીધી હતી. જેથી રૂા. ૩૯,૧૬,૮૫,૮૬૮નું સન ૧૯૭૧-૭૨નું ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહે પસાર કર્યું હતું.

૩. **કાપ દરખાસ્તો**—પૂરક માગણીઓ ઉપર કુલ ૧૬૪ કાપદરખાસ્તો આવી હતી તેમાંથી ૧૫૪ કાપ દરખાસ્તો દાખલ કરવામાં આવી હતી.

૫. આકસ્મિક ફંડ પેશગીઓ દર્શાવતું પત્રક—જેના માટે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી ન હોય તેવી તારીખ ૧૫મી માર્ચ, ૧૯૭૧ સુધી આકસ્મિક ફંડમાંથી મંજૂર કરાયેલી પેશગીઓ દર્શાવતું પત્રક તા. ૧૮મી માર્ચ, ૧૯૭૧ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું હતું.

૬. વધારાના ખર્ચનું પત્રક—રજૂઆત-સન ૧૯૬૭-૬૮ ના વર્ષ માટેનું કુલ રૂ. ૨,૩૭,૫૮,-૧૨૩નું વધારાના ખર્ચનું પત્રક તા. ૧૮મી માર્ચ, ૧૯૭૧ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું જેમાં મતપાત્ર રકમ રૂપિયા ૧,૭૫,૪૭,૫૩૭ હતી અને બિન-મતપાત્ર રકમ રૂપિયા ૬૨,૧૦,-૫૮૬ હતી.

### મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો (નિયમ ૧૦૬)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬ હેઠળ મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવની ૧ સૂચના આવી હતી. આ સૂચનાને માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. આ પ્રસ્તાવ રજૂ કરવાની સભાગૃહની પરવાનગી તા. ૩૧મી માર્ચ, ૧૯૭૧ના રોજ માગવા માટે સભ્યોને જણાવવામાં આવ્યું હતું પરંતુ તે દિવસે મુખ્યમંત્રીશ્રીએ મંત્રી મંડળનું રાજીનામું આપ્યું હોવાથી તે દિવસે સભાગૃહની બેઠક મળી કે તરત જ અધ્યક્ષશ્રીએ સભાગૃહ અચોક્કસ મુદત માટે મુલત્વી રાખ્યું હતું અને તેથી આ પ્રસ્તાવ રજૂ કરવા માટે સભાગૃહની પરવાનગી માગવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો ન હતો.

### સભા મોકૂફીના પ્રસ્તાવો (નિયમ ૧૦૮)

સત્ર દરમિયાન તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા કરવા માટે સભામોકૂફીના પ્રસ્તાવની ૧ સૂચના આવી હતી, જે માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. દાખલ કરવામાં આવેલી સૂચનાને તા. ૨૮મી એપ્રિલ, ૧૯૭૧ના રોજ ગૃહમાં રજૂ કરવાની અધ્યક્ષશ્રીએ સંમતિ આપી હતી. અને સભાગૃહે તે રજૂ કરવાની અનુમતિ આપી હતી અને તે પ્રમાણે પ્રસ્તાવ તા. ૨૮મી એપ્રિલ, ૧૯-૭૧ ના રોજ સાંજે ૪ વાગે ચર્ચા માટે લેવાયો હતો. (જુઓ પત્રક ક્રમાંક-૯)

### અધિવેશનને છેલ્લે દિવસે થઇ શકે તેવા પ્રસ્તાવો (નિયમ ૧૦૪)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસે થઇ શકે તેવા પ્રસ્તાવોની કુલ ૧૧ સૂચનાઓ આવી હતી. તેમાંથી ૧ સૂચના નામંજૂર કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૪ (૪) ની જોગવાઈ અનુસાર એક કરતાં વધારે પ્રસ્તાવ પર ચર્ચા થઇ શકે તેમ ન હોવાથી, દાખલ કરવામાં આવેલા પ્રસ્તાવો પૈકી કયો પ્રસ્તાવ ચર્ચા માટે લેવો તે નક્કી કરવા માટે તા. ૨૯મી માર્ચ, ૧૯૭૧ના રોજ બેલટ યોજવામાં આવ્યો હતો. આ બેલટમાં વિ. સ. સ. શ્રી સોમાભાઈ સી. દેસાઈના કેળવણીનું માળખું સુધારવા અને એસ. એસ. સી. સુધીના વિદ્યાર્થીઓને મફત કેળવણી આપવા અંગેના પ્રસ્તાવને અગ્રતા મળી હતી. આ પ્રસ્તાવ અધિવેશનના છેલ્લા દિવસની કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યો હતો, અને પ્રસ્તાવ પર સભાગૃહે તા. ૨૮મી એપ્રિલ, ૧૯૭૧ના રોજ ચર્ચા કરી હતી.

### બીજા પ્રસ્તાવો (નિયમ ૧૦૫)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ હેઠળના બીજા પ્રસ્તાવોની કુલ ૮ સૂચનાઓ આવી હતી. જે બધી સૂચનાઓ માનનીય અધ્યક્ષશ્રીએ નામંજૂર કરી હતી.

## જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓના નિવેદનો (નિયમ ૪૪)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૪ અન્વયે મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નીચે મુજબ નિવેદનો કર્યાં હતાં.

(૧) સન ૧૯૭૧-૭૨ની મોસમના ઘઉંની ખરીદીના ભાવો (પ્રોકયોરમેન્ટ પ્રાઈસ) ભારત સરકાર તરફથી નક્કી થાય ત્યાંસુધી ઘઉંની ખરીદી માટે કરેલી વ્યવસ્થા અંગેનું નિવેદન (તા. ૨૯મી માર્ચ, ૧૯૭૧).

(૨) નાના ખાતેદારોનું એટલે કે ટોચ મર્યાદાની જમીનના અમુક ટકા સુધીની જમીન ધરાવતા ખાતેદારોને જમીન મહેસૂલ ભરવામાંથી મુક્તિ આપવા બાબતનું નિવેદન (તા. ૩૦મી માર્ચ, ૧૯૭૧).

## મંત્રીપદેથી આપેલા રાજીનામા અંગેનું નિવેદન (નિયમ ૧૦૭)

મંત્રી મંડળમાંથી રાજીનામું આપ્યા પછી રાજીનામા અંગે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૭ અન્વયે નીચેના સભ્યશ્રીઓએ તેમનાં નામની સામે બતાવેલ તારીખે સભાગૃહમાં નિવેદનો કર્યાં હતાં.

| | |
|---|---|
| ૧. શ્રી જશવંત મહેતા | તા. ૧૭-૩-૧૯૭૧ |
| ૨. શ્રી ગોરધનદાસ ચોખાવાળા | તા. ૧૭-૩-૧૯૭૧ |
| ૩. શ્રી માધવલાલ શાહ | તા. ૨૯-૩-૧૯૭૧ |
| ૪. શ્રી ચીમનભાઈ પટેલ | આનું નિવેદન કરવાની પરવાનગી માગી હતી પરંતુ તેમણે આ માગણી ઘણી મોડી કરી હોવાથી માનનીય અધ્યક્ષશ્રીએ તેમને નિવેદન કરવાની પરવાનગી આપી ન હતી. |

## વૈધાનિક પ્રસ્તાવો (નિયમ ૧૦૨)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૨ અન્વયેની વૈધાનિક પ્રસ્તાવોની નીચેની ૨ સૂચનાઓ નવમા અધિવેશનથી બાકી રહી હતી તે સૂચનાઓ આ અધિવેશન દરમ્યાન પણ ચર્ચા માટે હાથ ધરી શકાઇ ન હતી.

| પ્રભારી સભ્યનું નામ | સૂચનાનો વિષય |
|---|---|
| ૧. સર્વશ્રી મનુભાઇ પાલખીવાલા અને કાંતિલાલ ઘીયા, વિ. સ. સ. | ગૃહ વિભાગની મુંબઇ મોટર વાહન નિયમો સુધારતી તારીખ ૮-૯-૭૦ની અધિસૂચના સુધારવા બાબત. |
| ૨. શ્રી મનુભાઇ પાલખીવાલા વિ. સ. સ. | ગૃહ વિભાગની મુંબઇ સિનેમા નિયમો સુધારતી તારીખ ૨૮-૧૦-૭૦ની અધિસૂચના રદ કરવા બાબત. |

## ટૂંક સમયની ચર્ચા-ઉપસ્થિત કરવા માટેની સૂચનાઓ

(નિયમ ૧૧૨)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ચાર સૂચનાઓ આવી હતી ને બધી નામંજૂર કરવામાં આવી હતી.

## ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ ૧૧૬)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળ ધ્યાન દોરવા બાબતની કુલ ૩૮ સૂચનાઓ આવી હતી. આવેલી સૂચનાઓમાંથી ૨૬ સૂચનાઓ નામંજૂર થઇ હતી. જ્યારે બાકીની ૧૨ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલી સૂચનાઓમાંથી સરખા વિષયની સૂચનાઓ એકત્રિત કરતાં કુલ ૬ સૂચનાઓ ઉપર નિવેદન કરવાનાં હતાં. લાગતા-વળગતા મંત્રીશ્રીઓએ દાખલ થયેલી સૂચનાઓમાંથી ૪ સૂચનાઓ પર નિવેદનો કર્યાં હતાં. જ્યારે બાકીની ૨ સૂચનાઓ ઉપર તા. ૩૧મી માર્ચ, ૧૯૭૧ના રોજ સભાગૃહમાં નિવેદનો કરવાનાં હતાં. પરંતુ તા. ૩૦મી માર્ચ, ૧૯૭૧ના રોજ મંત્રીમંડળે રાજીનામું આપ્યું હોવાથી તે દિવસે કોઇપણ કામ કર્યા વગર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહ અચોક્કસ મુદત માટે મુલત્વી રાખ્યું હતું અને તા. ૨૮મી એપ્રિલ, ૧૯૭૧ના રોજ જ્યારે સભાગૃહ ફરીથી મળ્યું ત્યારે આ બન્ને સૂચનાઓમાં તાકીદનું તત્ત્વ રહેતું ન હોવાથી તેને દિવસના કામ-કાજની યાદીમાં બતાવવામાં આવી ન હતી. (જૂઓ પત્રક ક્રમાંક--૧૦)

## બિન-સરકારી વિધેયકો

(૧) **દાખલ કરવા માટેનાં બિન-સરકારી વિધેયકો.**—કાર્યાવલીમાં દાખલ કરવાનું એક બિન-સરકારી વિધેયક બતાવવામાં આવ્યું હતું. જે તારીખ ૩૦મી માર્ચ, ૧૯૭૧ના રોજ દાખલ કરવામાં આવ્યું હતું. (જૂઓ પત્રક ક્રમાંક-૧૧)

(૨) **પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો.**—કાર્યાવલીમાં પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં કુલ ૨૩-બિન-સરકારી વિધેયકો બતાવવામાં આવ્યાં હતાં. પરંતુ તેમાંથી એક સભ્યશ્રીએ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપવાથી તેમજ બે સભ્યશ્રીઓ મંત્રીમંડળમાં જોડાવાથી તેમનાં કુલ ૪ વિધેયકો રદ થયા હતા. બાકીના ૧૯ વિધેયકોમાંથી પ્રથમ વાંચન ચાલુ હોય તેવું એક વિધેયક ઉપરાંત બીજાં ૬ વિધેયકો તા. ૩૦મી માર્ચ, ૧૯૭૧ના રોજ ચર્ચા માટે બતાવવામાં આવ્યાં હતાં. તે પૈકી ૪ વિધેયકો સભાગૃહે ચર્ચાને અંતે નામંજૂર કર્યા હતાં અને ૩ વિધેયકો પ્રભારી સભ્યશ્રીઓની ગેર-હાજરીને કારણે સભાગૃહમાં વિચારણામાં લઇ શકાયાં નહતાં. (જૂઓ પત્રક ક્રમાંક-૧૨).

## વિશેષાધિકાર ભંગના પ્રશ્નો

વિશેષાધિકાર ભંગ અંગે કુલ ૨ સૂચનાઓ મળી હતી, જે બન્ને નામંજૂર કરવામાં આવી હતી.

## વિધાનસભાની જુદી જુદી સમિતિઓ વિગેરે ઉપર સભ્યોની ચૂંટણીઓ/નિમણૂકો

અધિવેશન દરમિયાન નીચે જણાવેલી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક—૧૩)

૧. જાહેર હિસાબ સમિતિ.

૨. અંદાજ સમિતિ.

૩. જાહેર સાહસો માટેની સમિતિ.

અધિવેશન દરમ્યાન અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિ ઉપર સભ્યોની નિમણૂક કરી હતી.

(જુઓ પત્રક ક્રમાંક—૧૪)

### સભ્યશ્રીઓએ આપેલાં રાજીનામાં

અધિવેશન દરમ્યાન નીચે જણાવેલા ત્રણ સભ્યશ્રીઓએ તેમની બેઠક પરથી રાજીનામાં આપ્યાં હતાં.

| અનુક્રમાંક | સભ્યશ્રીનું નામ | તારીખ |
|---|---|---|
| ૧. | શ્રી ફત્તેહસિંહરાવ પ્રતાપસિંહરાવ ગાયકવાડ | ૧૩-૩-૧૯૭૧ |
| ૨. | શ્રી એચ. એમ. પટેલ | ૧૫-૩-૧૯૭૧ (બપોર પછીથી) |
| ૩. | ડૉ. મહિપતરાય મૂળશંકર મહેતા | ૧૬-૩-૧૯૭૧ |

### સમિતિની બેઠકો

અધિવેશન દરમિયાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો થઈ હતી.

| અનુક્રમાંક | સમિતિનું નામ | | બેઠકની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિ | (૧) | ૧૬-૩-૧૯૭૧ |
| | | (૨) | ૨૪-૩-૧૯૭૧ |
| ૨. | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | | ૨૪-૩-૧૯૭૧ |
| ૩. | જાહેર સાહસો માટેની સમિતિ | | ૨૨-૩-૧૯૭૧ |
| ૪. | નિયમો માટેની સમિતિ | (૧) | ૧૮-૩-૧૯૭૧ |
| | | (૨) | ૨૮-૪-૧૯૭૧ |
| ૫. | અંદાજ સમિતિ | | ૨૯-૩-૧૯૭૧ |
| ૬. | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ | | ૨૩-૩-૧૯૭૧ |
| ૭. | ગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | | ૨૬-૩-૧૯૭૧ |
| ૮. | અરજી સમિતિ | | ૨૩-૩-૧૯૭૧ |

## વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા અહેવાલો વગેરે

અધિવેશન દરમિયાન નીચે જણાવેલા અહેવાલો વગેરે વિધાનસભામાં રજૂ થયા હતા/ચર્ચાયા હતા.

| અનુક્રમાંક | અહેવાલ | રજૂ થયાની તારીખ | ચર્ચાયાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિની ભલામણો. | ૧૭-૩-૧૯૭૧<br>૨૪-૩-૧૯૭૧ | ૧૮-૩-૧૯૭૧<br>૨૫-૩-૧૯૭૧ |
| ૨. | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો ૨૨મો અહેવાલ. | ૨૫-૩-૧૯૭૧ | ૨૫-૩-૧૯૭૧ |
| ૩. | ગુજરાત વિઝિલન્સ કમિશનનો સન ૧૯૬૮-૬૯નો વાર્ષિક અહેવાલ. | ૧૭-૩-૧૯૭૧ | ... |
| ૪. | ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનનો સન ૧૯૬૯--૭૦નો અહેવાલ તેમજ જે કિસ્સાઓમાં કમિશનની સલાહ સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવા માટેનાં કારણો દર્શાવતી યાદી. | ૧૭-૩-૧૯૭૧ | ... |
| ૫. | તા. ૨૮-૧૦-૭૦ થી ૨૦-૨-૭૧ સુધીમાં રાજ્ય સરકારે આપેલી બાંયધરીની વિગત દર્શાવતુ પત્રક. | ૧૭-૩-૧૯૭૧ | ... |
| ૬. | ગુજરાત એક્ષપોર્ટ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૬૯ના વર્ષનો અહેવાલ. | ૧૮-૩-૧૯૭૧ | ... |
| ૭. | ગુજરાત સ્ટેટ ટેક્ષટાઇલ કોરપોરેશન લિમિટેડનો તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૬૮ થી તા. ૩૧મી ડિસેમ્બર, ૧૯૬૯ સુધીની મુદત માટેનો પહેલો વાર્ષિક અહેવાલ. | ૧૯-૩-૧૯૭૧ | ... |
| ૮. | ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમના સન ૧૯૬૯--૭૦ના વર્ષના હિસાબ ઉપરનો ઓડિટ અહેવાલ. | ૨૩-૩-૧૯૭૧ | ... |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૯ | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનનો સન ૧૯૬૯-૭૦નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ | ૨૯-૩-૧૯૭૧ | |
| ૧૦ | ધારાસભ્યશ્રી રતિલાલ ખુશાલદાસે ગાંધીનગરના બાંધકામ અંગે ઉપસ્થિત કરેલ મુદ્દાઓ અંગેનો અહેવાલ | ૨૯-૩-૧૯૭૧ | ... |
| ૧૧ | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૬૯-૭૦નો વાર્ષિક અહેવાલ | ૨૮-૪-૧૯૭૧ | ... |
| ૧૨ | ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડના સન ૧૯૭૧-૭૨ના વર્ષનું અંદાજપત્રક, કાર્યક્રમ અને મહેકમ દર્શાવતું પત્રક | ૨૮-૪-૧૯૭૧ | ... |
| ૧૩ | રાજ્ય સરકારે તા ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૭૧-થી તા ૧૫મી એપ્રિલ, ૧૯૭૧ સુધીમાં આપેલી બાંયધરીની વિગત દર્શાવતું પત્રક તથા સન ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી સરકારે બાંયધરી અંગે કરેલી ચૂકવણી ખર્ચ દર્શાવતું પત્રક | ૨૮-૪-૧૯૭૧ | ... |
| ૧૪ | વિશેષાધિકાર સમિતિનો સાતમો અહેવાલ | ૨૩-૧૧-૧૯૭૦ | ૧૭-૩-૧૯૭૧ |
| ૧૫ | વિશેષાધિકાર સમિતિનો આઠમો અહેવાલ | ૨૩-૧૧-૧૯૭૦ | ૧૭-૩-૧૯૭૧ |
| ૧૬. | વિશેષાધિકાર સમિતિનો નવમો અહેવાલ. | ૨૩-૧૧-૧૯૭૦ | ૧૭-૩-૧૯૭૧ ચર્ચા બાદ અહેવાલ સમિતિને પાછો સોંપવામાં આવ્યો. |
| ૧૭. | વિશેષાધિકાર સમિતિનો દસમો અહેવાલ. | ૩-૧૨-૧૯૭૦ | ૧૭-૩-૧૯૭૧, |
| ૧૮. | સન ૧૯૬૯-૭૦ના નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબો અને તે ઉપરના ઓડિટ અહેવાલ. | ૩૦-૩-૧૯૭૧ | ... |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૯. | નિયમો માટેની સમિતિનો સાતમો અહેવાલ. | ૨૨-૩-૧૯૭૧ | ... |
| ૨૦. | જાહેર સાહસો માટેની સમિતિના ગુજરાત રાજ્ય નાણાંકીય કોરપોરેશન ઉપરના પહેલા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો અંગે વિભાગે/સાહસે લીધેલાં પગલાં અંગેનો છઠ્ઠો અહેવાલ. | ૨૪-૩-૧૯૭૧ | ... |
| ૨૧. | જાહેર સાહસો માટેની સમિતિનો ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશન ઉપરના બીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો અંગે વિભાગે/સાહસે લીધેલાં પગલાં અંગેનો સાતમો અહેવાલ. | ૨૪-૩-૧૯૭૧ | ... |
| ૨૨. | નિયમો માટેની સમિતિનો છઠ્ઠો અહેવાલ. | ૩-૧૨-૧૯૭૦ | ૨૮-૪-૧૯૭૧ |
| ૨૩. | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો છઠ્ઠો અહેવાલ. | ૨૪-૩-૧૯૭૧ | ... |
| ૨૪ | અરજી સમિતિનો પાંચમો અહેવાલ | ૨૫-૩-૧૯૭૧ | ... |

### શોકદર્શક ઉલ્લેખ

ડૉ. કનૈયાલાલ માણેકલાલ મુનશીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ સોમવાર, તા. ૧૫મી માર્ચ, ૧૯૭૧ના રોજ સભાગૃહમાં કરવામાં આવ્યો હતો. સદ્‌ગતને અંજલિ આપ્યા બાદ સભાગૃહના સભ્યોએ ઉભા થઇ થોડીવાર મૌન પાળ્યું હતું.

### વિભાજન

અધિવેશન દરમિયાન થયેલા વિભાજનને લગતી માહિતી પત્રક ક્રમાંક-૧૫માં આપી છે.

### સભાગૃહને સાદર રજુ કરવામાં આવેલી અરજી

બુધવાર, તા. ૨૪મી માર્ચ ૧૯૭૧ના રોજ વિ. સ. સ. શ્રી મનુભાઈ પાલખીવાલા તથા વિ. સ. સ. શ્રી નરેન્દ્રસિંહ ઝાલા તરફથી ગુજરાત રાજ્ય મેલેરિયા સર્વેલન્સ સ્ટાફને પગાર, પ્રમોશન દૈનિક ભથ્થુ અને સેનેટરી ઈન્સ્પેક્ટરની ટ્રેનિંગ આપવા અંગેની તેના પ્રમુખની તા. ૨૨મી માર્ચ ૧૯૭૧ ની અરજી સભાગૃહને સાદર કરી માનનીય અધ્યક્ષશ્રીએ આ અરજી, અરજી સમિતિને સોંપી.

## વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પ્રેક્ષકો

| | |
|---|---|
| (૧) પ્રેક્ષકો માટેની દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો................................................ | ૮,૨૮૧ |
| (૨) ...........૧૭ શૈક્ષિણક સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ૧,૦૬૬ |
| (૩) અધ્યક્ષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા | ૧,૮૪૪ |
| (૪) અતિથિવિશેષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા | ૯૨૯ |
| (૫) રાજ્યપાલ દીર્ઘામાં અવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ૨ |
| કુલ સંખ્યા | ૧૨,૧૨૨ |

### પત્રક ક્રમાંક ૧

### સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલી હાજરી

| ક્રમાંક | સભ્યનું નામ | કુલ હાજરી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | શ્રી અનવરબેગ અહેમદબેગ મીરઝાં | નાયબ મંત્રીશ્રી |
| ૨ | શ્રી અબ્દુલ રહીમ તાજુજી કુંદીવાલા | ૧૪ |
| ૩ | શ્રી અભેસિંહ કોદરભાઈ પરમાર | ૧૨ |
| ૪ | શ્રી અમરસિંહ દીપસિંહ પરમાર | ૧૪ |
| ૫ | શ્રી અમરસિંહ ભુપતસિંહ વાઘેલા | ૧૪ |
| ૬ | શ્રી અમૃતલાલ અંબાલાલ પટેલ | ૧૩ |
| ૭ | શ્રી અર્જુનસિંહ ભારતસિંહ ઠાકોર | ૧૪ |
| ૮ | શ્રીમતી અરૂણાબહેન ગંભીરભાઈ પટેલ | ૧૪ |
| ૯ | શ્રી ગણપતલાલ જેઠાલાલ ત્રિવેદી | ૧૪ |
| ૧૦ | શ્રી આનંદલાલ ચીમનલાલ મહેતા | ૧૩ |
| ૧૧ | શ્રી ઈન્દુભાઈ ચતુરભાઈ પટેલ | ૧૨ (તા. ૩૧-૩-૭૧ સુધી). |
| ૧૨ | શ્રી ઉત્તમભાઈ હરજીભાઈ પટેલ | ૧૩ (તા. ૩૧-૩-૭૧ સુધી). |
| ૧૩ | શ્રી ઉદેસિંહ વીરસિંહ વડોદિયા | ૧૪ |
| ૧૪ | શ્રી ઉર્મિલાબહેન પ્રેમશંકર ભટ્ટ | મંત્રીશ્રી |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| ૧૫ | શ્રી કમળાશંકર ભુલેશ્વર દવે | ૧૩ |
| ૧૬ | શ્રી કરસનભાઈ હરિભાઈ ચૌધરી | ૧૪ |
| ૧૭ | શ્રી કસ્તુરલાલ નગીનદાસ દોસી | ૧૪ |
| ૧૮ | શ્રી કાનજીભાઈ કચરાભાઈ મોરી | ૯ |
| ૧૯ | શ્રી પુરુષોત્તમદાસ રણછોડદાસ પટેલ | મંત્રીશ્રી |
| ૨૦ | શ્રી કાંતિલાલ ફુલચંદ ઘીયા | ૧૧ |
| ૨૧ | શ્રી કિશોરસિંહ કાળુસિંહ પરમાર | ૧૩ |
| ૨૨ | શ્રી કુરજી ડુંગર પટેલ | ૧૩ |
| ૨૩ | શ્રી કેશવજી ગોકળદાસ રાયચુરા | ૧૪ |
| ૨૪ | શ્રી કેશવભાઈ રતનજી પટેલ | ૧૪ |
| ૨૫ | શ્રી કેસર ભગવાન ડોડિયા | ૧૨ |
| ૨૬ | શ્રી ખોડુભા અભેસંગ વાઘેલા | ૧૦ |
| ૨૭ | શ્રીમતી ગંગાબહેન અમૃતલાલ વાઘેલા | ૧૪ |
| ૨૮ | શ્રી ગંગારામ ચુનીલાલ રાવળ | ૧૦ |
| ૨૯ | શ્રી ગુમાનસિંહ વિરમસિંહ વાઘેલા | ૧૨ (તા. ૩૧-૩-૭૧ સુધીની). |
| ૩૦ | શ્રી ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાલા | ૧૪ |
| ૩૧ | શ્રી ગોવિંદભાઈ હરિભાઈ પટેલ | ૧૪ |
| ૩૨ | શ્રી ગોસાંઈભાઈ છીબાભાઈ પટેલ | ૧૩ (તા. ૩૧-૩-૭૧ સુધીની). |
| ૩૩ | શ્રી ગૌરીશંકર ધનેશ્વર પાઠક | ૧૪ |
| ૩૪ | શ્રી ચંદ્રકાન્ત મૂળજીભાઇ પરીખ | ૧૪ |
| ૩૫ | શ્રી ચંદ્રશંકર મણિશંકર ભટ્ટ | ૧૪ |
| ૩૬ | શ્રી ચંદ્રસિંહજી દીપસિંહજી જાડેજા | ૧ |
| ૩૭ | શ્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલ | ૧૦ |
| ૩૮ | શ્રી ચીમનલાલ હરિલાલ શુકલ | ૮ |
| ૩૯ | શ્રી ચુનીલાલ ગણેશદાસ પટેલ | ૧૪ |
| ૪૦ | શ્રી ચુનીલાલ પોપટલાલ ચુડગર | ૧૪ |
| ૪૧ | શ્રી ચુનીલાલ બીજલભાઈ વસાવા | ૧૧ |
| ૪૨ | શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતા | ૧૦ |
| ૪૩ | શ્રી છોટુભાઈ નાથુભાઈ રાઠોડ | ૧૪ |
| ૪૪ | શ્રી જગતા પુરા પરમાર | ૧૨ |
| ૪૫ | શ્રી જમુભાઈ પુંજીરામ ભટ્ટ | નાયબ મંત્રીશ્રી |
| ૪૬ | શ્રી જસવંતરાય નાનુભાઈ મહેતા | ૧૪ |
| ૪૭ | શ્રી જસવંતલાલ સૌભાગ્યચંદ શાહ | મંત્રીશ્રી |
| ૪૮ | શ્રી જાલમસિંહ હિંમતસિંહ જાદવ | ૧૪ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૪૯ | શ્રી જીણાભાઈ દેવરાજભાઈ કણસાગરા | ૧૪ |
| ૫૦ | શ્રી જેઠાભાઈ ભુરાભાઈ રાઠોડ | ૧૪ |
| ૫૧ | શ્રી જેશીંગભાઈ ગોવિંદભાઈ પરમાર | ૧૪ |
| ૫૨ | શ્રી જયદિપસિંહજી | મંત્રીશ્રી |
| ૫૩ | શ્રી જયરામ આણંદભાઈ પટેલ | મંત્રીશ્રી |
| ૫૪ | શ્રી જવસિંહ માનસિંહ સોલંકી | ૧૪ |
| ૫૫ | શ્રી જયંતિલાલ વીરચંદ શાહ | ૧૩ |
| ૫૬ | શ્રી ઝીણાભાઈ રામસંગભાઈ વસાવા | ૧૪ |
| ૫૭ | શ્રી ઝુમખલાલ લખમીચંદ મહેતા | ૯ |
| ૫૮ | શ્રી ટીટાભાઈ મેઘજીભાઈ હદીલા | ૧૪ |
| ૫૯ | શ્રી ઠાકોરભાઈ મણીભાઈ દેસાઈ | મંત્રીશ્રી |
| ૬૦ | શ્રી ડાહ્યાભાઈ બાવલભાઈ જાદવ | નાયબ મંત્રીશ્રી |
| ૬૧ | શ્રી ત્રિકમલાલ જમનાદાસ પટેલ | ૧૩ (તા. ૩૧-૩-૭૧ સુધીની) |
| ૬૨ | શ્રી દલજિતસિંહજી હિંમતસિંહજી | ૧ |
| ૬૩ | શ્રી દલસુખભાઈ જેરામભાઈ પટેલ | ૧૪ |
| ૬૪ | શ્રી દિગ્વજયસિંહજી પ્રતાપસિંહજી | ૧૪ |
| ૬૫ | શ્રી દેવજીભાઈ સદાભાઈ પરમાર | ૧૪ |
| ૬૬ | શ્રી દ્વારકાદાસ વિઠ્ઠલદાસ બારાઈ | ૧૪ |
| ૬૭ | શ્રી ધર્મસિંહભાઈ ડાહ્યાભાઈ પટેલ | ૧૪ |
| ૬૮ | શ્રી ધર્મેન્દ્રસિંહજી બહાદુરસિંહજી રાણા | નાયબ મંત્રીશ્રી |
| ૬૯ | શ્રી ધીરજલાલ બકોરદાસ મહેતા | ૧૩ |
| ૭૦ | શ્રી નટવરસિંહજી કેસરીસિંહજી સોલંકી | ૧૪ |
| ૭૧ | શ્રી નરસિંહદાસ ગોરધનદાસ ગોધિયા | ૧૪ |
| ૭૨ | શ્રી નરહરિલાલ ઈશ્વરલાલ પુરોહિત | ૧૪ |
| ૭૩ | શ્રી નરેન્દ્રસિંહ અગરસિંહજી ઝાલા | ૧૪ |
| ૭૪ | શ્રી નવલચંદ મોતીલાલ કંસારા | ૧૪ |
| ૭૫ | શ્રી નાગજીભાઈ ગોવિંદભાઈ આર્ય. | નાયબમંત્રીશ્રી. |
| ૭૬ | શ્રી નવિનભાઈ પ્રેમજીભાઈ પટેલ | ૧૪ |
| ૭૭ | શ્રી નારણભાઈ કાલીદાસ પટેલ | ૧૪ |
| ૭૮ | શ્રી નારણભાઈ પાલાભાઈ ગઢિયા | ૧૪ |
| ૭૯ | શ્રી નારણભાઈ શિવજીભાઈ પટેલ | ૧૪ |
| ૮૦ | શ્રીમતિ નિર્મળાબેન હાસાનંદ ગજવાણી | ૨ |
| ૮૧ | શ્રી પરભુભાઈ ધનાભાઈ પટેલ | ૫ |
| ૮૨ | શ્રી પરમાણંદદાસ જીવાભાઈ ઓઝા | નાયબ મંત્રીશ્રી |
| ૮૩ | શ્રી પરવતસિંહ ધમીરસિંહ પરમાર | ૧૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૮૪ | શ્રી પરસોત્તમદાસ ઉકેડભાઈ ભીલ | ૧૪ |
| ૮૫ | શ્રી પાલાભાઈ નારણભાઈ પરમાર | ૧૪ |
| ૮૬ | શ્રી પોપટલાલ ડાહ્યાભાઈ કક્કડ | ૧૪ |
| ૮૭ | શ્રી પોપટલાલ મૂળશંકર વ્યાસ | ૧૪ |
| ૮૮ | શ્રી પ્રતાપરાય તારાચંદ | ૧૪ |
| ૮૯ | શ્રી પ્રભુલાલ કાનજી દવે | ૮ |
| ૯૦ | શ્રી પ્રવિણચંદ્રસિંહજી ગંભીરસિંહજી | ૧૧ |
| ૯૧ | શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર | મંત્રીશ્રી |
| ૯૨ | ખાલી. | — |
| ૯૩ | શ્રી ફુલજીભાઈ ડોસજીભાઈ પટેલ | ૧૪ |
| ૯૪ | શ્રી બહાદુરભાઈ કુથાભાઈ પટેલ | ૧૪ |
| ૯૫ | શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ | મંત્રીશ્રી. |
| ૯૬ | શ્રી બાલાશંકર જેશંકર જોષી | ૧૪ |
| ૯૭ | શ્રી બાલુભાઈ હરજીભાઈ પટેલ | ૧૪ |
| ૯૮ | શ્રી બેચરભાઈ ભગવાનજી ગજેરા | ૧૩ |
| ૯૯ | શ્રી ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ | ૮ |
| ૧૦૦ | શ્રી ભાઈજીભાઈ ગરબડભાઈ તડવી | ૧૪ |
| ૧૦૧ | શ્રી વિઠ્ઠલભાઈ સોમાભાઈ પટેલ | ૧૩ |
| ૧૦૨ | શ્રી ભાઈલાલભાઈ મણીલાલ પટેલ | ૧૪ |
| ૧૦૩ | શ્રી ભાણજી ભીમજી પટેલ | નાયબ મંત્રીશ્રી. |
| ૧૦૪ | શ્રી ભીમસિંગભાઈ ફોન્જસિંગ વસાવે | ૧૪ |
| ૧૦૫ | શ્રી ભીમસીંગભાઈ સીવાભાઈ ગામિત | ૧૩ |
| ૧૦૬ | શ્રી ભુપેન્દ્રસિંહજી ગજસિંહજી જાડેજા | ૬ |
| ૧૦૭ | ખાલી. | — |
| ૧૦૮ | શ્રી ભોગીલાલ કાનજીભાઈ પટેલ | ૧૪ |
| ૧૦૯ | શ્રી મણીભાઈ આશારામ શાહ | ૧૪ |
| ૧૧૦ | શ્રી મધુભાઈ દાદુભાઈ દેસાઈ | ૧૨ |
| ૧૧૧ | શ્રી મનહરભાઈ અમરાભાઈ ચાવડા | ૧૨ |
| ૧૧૨ | શ્રી મનહરભાઈ ચંદુલાલ શાહ | ૧૨ |
| ૧૧૩ | શ્રી મનહરલાલ તુળજાશંકર શુક્લ | ૧૪ |
| ૧૧૪ | શ્રી મનુભાઈ રાજારામ પંચોળી | મંત્રીશ્રી |
| ૧૧૫ | શ્રી મનુભાઈ હરિલાલ પાલખીવાલા | ૧૪ |
| ૧૧૬ | શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા | ૧૪ |
| ૧૧૭ | ખાલી | — |
| ૧૧૮ | શ્રી મંગળદાસ ગોરધનદાસ પોલા | ૧૪ |
| ૧૧૯ | શ્રી માણેકભાઈ સોમાભાઈ તડવી | ૧૪ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૨૦ | શ્રી માંનાભાઈ રેવાભાઈ ભાંભી | ૧૪ |
| ૧૨૧ | શ્રી માધવલાલ ભાઈલાલ શાહ | ૪ (તા. ૨૯-૩-૭૧થી) |
| ૧૨૨ | શ્રી માધવલાલ લલ્લુભાઈ પાધ્યા | ૧૪ |
| ૧૨૩ | શ્રી માધવસિંહ ફુલસિંહ સોલંકી | ૧૪ |
| ૧૨૪ | શ્રી માર્તંડરાય ગંગાશંકર શાસ્ત્રી | ૧૪ |
| ૧૨૫ | શ્રી મોહનલાલ ગોકળભાઈ પટેલ | ૧૪ |
| ૧૨૬ | શ્રી મોહંમદહુસેન અબ્દુલસમદ ગોલંદાઝ | ૧૧ |
| ૧૨૭ | શ્રી રણજિતસિંહજી ભાવસિંહજી ગોહિલ | ૧૧ |
| ૧૨૮ | શ્રી રતનભાઈ ગોવિંદભાઈ ગાવિત | ૧૦ |
| ૧૨૯ | શ્રી રતિલાલ ખુશાલદાસ પટેલ | ૧૪ |
| ૧૩૦ | શ્રી રમણલાલ ધનાભાઈ પટેલ | ૧૩ |
| ૧૩૧ | શ્રી રાઘવજી થોભણભાઈ લેઉઆ | અધ્યક્ષશ્રી |
| ૧૩૨ | શ્રી રામજીભાઈ રૂપાભાઈ ચૌધરી | નાયબ મંત્રીશ્રી. |
| ૧૩૩ | શ્રી રામુભાઈ જેઠાભાઈ ભાટિયા | ૧૪ |
| ૧૩૪ | શ્રી રામુભાઈ બાલુભાઈ જાદવ | ૭ |
| ૧૩૫ | શ્રી રાયસિંહજી કેસરીસિંહજી જાડેજા | ૧૧ |
| ૧૩૬ | શ્રી લાલસિંહજી કિશોરસિંહજી રહેવર | ૧૪ |
| ૧૩૭ | શ્રી લીલાધર પ્રાણજીવન પટેલ | ૧૧ |
| ૧૩૮ | શ્રીમતિ વસંતબહેન જયસુખભાઈ શાહ | ૧૪ |
| ૧૩૯ | શ્રી વસંતલાલ વલ્લભદાસ મહેતા | ૧૩ |
| ૧૪૦ | શ્રી વસંતલાલ વૃજલાલ પરીખ | ૮ |
| ૧૪૧ | શ્રી વાડીલાલ લલ્લુભાઈ મહેતા | ૧૩ |
| ૧૪૨ | શ્રી વિજયકુમાર માધવલાલ ત્રિવેદી | મંત્રીશ્રી. |
| ૧૪૩ | શ્રી વિજયસિંહજી ભારતસિંહજી ચૌહાણ | ૧૩ |
| ૧૪૪ | શ્રી વિનુભાઈ ભગવાનદાસ કોટડાવાલા | ૯ |
| ૧૪૫ | શ્રી વિનોદચંદ્ર ચુનીલાલ શાહ | નાયબ મંત્રીશ્રી |
| ૧૪૬ | શ્રી વીરજી ભીમજી દાફડા | ૧૪ |
| ૧૪૭ | શ્રી વિરસિંહ ભુલાભાઈ પસાયા | ૧૪ |
| ૧૪૮ | શ્રી વીરુમલ ખુશાલદાસ તારાચંદાની | ૧૪ |
| ૧૪૯ | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા | ૧૪ |
| ૧૫૦ | શ્રી શંકરલાલ મોહનલાલ ગુરૂ | ૧૨ |
| ૧૫૧ | શ્રી શંભુભાઈ દેવજી પટેલ | ૧૩ |
| ૧૫૨ | શ્રી શામળભાઈ લલ્લુભાઈ પટેલ | ૧૪ |
| ૧૫૩ | શ્રીમતિ શાંતાબેન ભોળાભાઈ પટેલ | ૧૧ |
| ૧૫૪ | શ્રી શાંતિલાલ રણછોડદાસ શાહ | મંત્રીશ્રી |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૫૫ | શ્રી શાંતિલાલ સ્વરૂપચંદ શાહ | નાયબ મંત્રીશ્રી |
| ૧૫૬ | શ્રી શિવભદ્રસિંહજી કૃષ્ણકુમારસિંહજી ગોહિલ | ૮ |
| ૧૫૭ | શ્રી શિવરાજકુમાર ખાચર | ૧૩ |
| ૧૫૮ | શ્રી સનુભાઈ દેવુભાઈ હાકરિયા | ૧૪ |
| ૧૫૯ | શ્રી સનતકુમાર મગનલાલ મહેતા | ૧૩ |
| ૧૬૦ | શ્રીમતી સુમિત્રાબહેન હરિપ્રસાદ ભટ્ટ | ૧૪ |
| ૧૬૧ | શ્રી સુરેન્દ્રસિંહજી જોરાવરસિંહજી ઝાલા | ૧ |
| ૧૬૨ | શ્રી સુલેમાન યુસુફ ઉનિયા | ૧૩ |
| ૧૬૩ | શ્રી સોમાભાઈ છકકડભાઈ દેસાઈ | ૧૪ |
| ૧૬૪ | શ્રી હરિભાઈ રતનભાઈ ડોરિયા | ૧૪ |
| ૧૬૫ | શ્રી હિતેન્દ્રભાઈ કનૈયાલાલ દેસાઈ | મુખ્ય મંત્રીશ્રી |
| ૧૬૬ | શ્રી હિંમતભાઈ મથુરભાઈ રજવાડી | નાયબ મંત્રીશ્રી |
| ૧૬૭ | ખાલી | — |
| ૧૬૮ | શ્રીમતી હીરાબેન લાલચંદ નીનામા | ૧૪ |

પત્રક ક્રમાંક ૨

સભ્યશ્રીઓની તારીખવાર હાજરી

(અધ્યક્ષ, મંત્રી, નાયબ મંત્રી અને સંસદીય સચિવ સિવાય)

| તારીખ | હાજરી | ગેરહાજર | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૧૫-૩-૭૧ | ૧૨૧ | ૧૮ | ૧૩૯ |
| ૧૬-૩-૭૧ | ૧૧૪ | ૨૫ | ૧૩૯ |
| ૧૭-૩-૭૧ | ૧૧૭ | ૨૨ | ૧૩૯ |
| ૧૮-૩-૭૧ | ૧૨૧ | ૧૮ | ૧૩૯ |
| ૧૯-૩-૭૧ | ૧૨૨ | ૧૭ | ૧૩૯ |
| ૨૨-૩-૭૧ | ૧૨૪ | ૧૫ | ૧૩૯ |
| ૨૩-૩-૭૧ | ૧૨૪ | ૧૫ | ૧૩૯ |
| ૨૪-૩-૭૧ | ૧૨૪ | ૧૫ | ૧૩૯ |
| ૨૫-૩-૭૧ | ૧૨૬ | ૧૩ | ૧૩૯ |
| ૨૬-૩-૭૧ | ૧૨૫ | ૧૪ | ૧૩૯ |
| ૨૯-૩-૭૧ | ૧૩૨ | ૮ | ૧૪૦ |
| ૩૦-૩-૭૧ | ૧૩૨ | ૮ | ૧૪૦ |
| ૩૧-૩-૭૧ | ૧૩૩ | ૭ | ૧૪૦ |
| ૨૮-૪-૭૧ | ૧૨૪ | ૧૧ | ૧૩૫ |

## પત્રક ક્રમાંક—૩

## અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજે રોજ થયેલા કામકાજનો સારાંશ

### સોમવાર, તા. ૧૫મી માર્ચ, ૧૯૭૧

૧. રાજ્યપાલ, શ્રી શ્રીમન્નારાયણે સભાગૃહને સંબોધન કરવા માનનીય અધ્યક્ષશ્રીની સાથે બપોરના ૧૨-૦૦ વાગ્યે સભાગૃહમાં વિધિસર પ્રવેશ કર્યો અને મંચ પર બેઠક લીધી.

૨. રાજ્યપાલશ્રીએ સભાગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.

૩. મુખ્ય મંત્રી, શ્રી હિતેન્દ્ર દેસાઇએ ડૉ. કનૈયાલાલ માણેકલાલ મુનશીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો.

વિ. સ. સ. શ્રી જશવંતરાય મહેતા, વિ. સ. સ., શ્રી લીલાધર પટેલ અને વિ. સ. સ., શ્રી માર્તંડરાય શાસ્ત્રીએ સદ્‌ગતને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સદ્‌ગતને અંજલિ આપી.

સભ્યોએ ઉભા થઇ થોડીવાર મૌન પાળ્યું. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભાગૃહની દિલસોજી નો સંદેશો સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

૪. (૧) અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે વિ. સ. સ., શ્રી ભુલાભાઇ પટેલે તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૭૧ના રોજ તેમજ વિ. સ. સ., શ્રી ફતેહસિંહરાવ ગાયકવાડે તારીખ ૧૩મી માર્ચ ૧૯૭૧ના રોજ વિધાનસભાનાં સભ્યપદેથી રાજીનામાં આપ્યાં છે અને તેથી તેમની જગ્યાઓ સદર દિવસોથી ખાલી પડી છે.

(૨) અધ્યક્ષશ્રીએ જાહેર હિસાબ સમિતિ, અંદાજ સમિતિ અને જાહેર સાહસો માટેની સમિતિ ઉપર સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૫. વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ ગયા સત્રમાં તેમણે રજૂ કરેલા મુદ્દાનો હવાલો આપતાં જણાવ્યું કે રેડ્ડી કમિશનના અહેવાલના સારાંશની પ્રસિધ્ધિ અખબારોમાં થોડા જ દિવસો પૂર્વે થઇ છે. પરંતુ સદર અહેવાલ સરકારે ગૃહને સાદર કર્યો નથી. અંતમાં તેમણે જણાવ્યું કે સદર અહેવાલ સભ્યોને સત્વરે મળે તે માટેનો સરકારે પ્રબંધ કરવો જોઇએ.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે સદર રિપોર્ટ છપાઇ રહ્યો છે અને તેની નકલો સભ્યોને આપવામાં આવશે.

અન્ય સભ્યોને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સરકારે જે માહિતી અખબારોને આપી છે તેની નકલ સરકારે ગૃહને તુરત આપવામાં વાંધો ન હોવો જોઇએ. તેમણે વધુમાં

જણાવ્યું કે પાછલાં વર્ષોની સરકારની કામગીરીની ચર્ચા રાજ્યપાલશ્રીના સંબોધન ઉપરથી ઉદ્ભવે. એટલે પાછલાં વર્ષોમાં સરકારે કરેલાં કામો, કરવાં જેવાં નહીં કરેલાં કામો વગેરેની ચર્ચા કરવા માટે સભાગૃહ હક્કદાર છે અને તેથી રેડ્ડી કમિશનનો રિપોર્ટ ચર્ચાનો વિષય બની શકે છે. અંતમાં તેમણે ઉમેર્યું કે સદર અહેવાલ રાજ્યપાલશ્રીના પ્રવચન પરની ચર્ચા શરૂ થાય તે પહેલાં સભ્યોને આપી દેવામાં આવે તો સભ્યોએ રજૂ કરેલી શંકાઓનું નિવારણ થશે અને તે બાબતમાં સરકારે પ્રયત્ન કરવો જોઇએ.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે સદર રિપોર્ટ લગભગ હજાર પાનાનો છે, તેમ છતાં સરકાર તે રિપોર્ટ વહેલો આપવાનો પ્રયત્ન કરશે. તેમણે વધુમાં જણાવ્યું કે સદર અહેવાલનો સારાંશ રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચા થાય તે પહેલાં આપવામાં આવશે.

૬. સચિવશ્રીએ રાજ્યપાલશ્રીના સંબોધનની નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૭. વિ. સ. સ., શ્રી ઇન્દુભાઇ પટેલે રાજ્યપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો, જેનું વિ. સ. સ., શ્રી ગોસાઇભાઇ પટેલે સમર્થન કર્યું.

૮. નાણા મંત્રી, શ્રી બાબુભાઇ પટેલે સન ૧૯૭૦-૭૧ના વર્ષ માટેનું ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

૯. સચિવશ્રીએ જે ૩ વિધેયકોને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી હતી તેમજ જે ૭ વિધેયકોને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેનાં નામ વાંચી સંભળાવ્યાં.

**મંગળવાર, તા. ૧૬મી માર્ચ, ૧૯૭૧.**

૧. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરી.

(૧) અધ્યક્ષશ્રી, પ્રમુખશ્રી,

(૨) શ્રી હિતેન્દ્ર દેસાઇ, મુખ્ય મંત્રીશ્રી,

(૩) શ્રી પ્રેમજીભાઇ ઠક્કર, મંત્રીશ્રી,

(૪) શ્રી વિજયકુમાર ત્રિવેદી, મંત્રીશ્રી,

(૫) શ્રી જયરામભાઇ પટેલ, મંત્રીશ્રી,

(૬) શ્રી ઇન્દુભાઇ પટેલ,

(૭) શ્રી પોપટલાલ વ્યાસ.

(૮) શ્રી કાંતિલાલ ઘીયા,

(૯) શ્રી નરેન્દ્રસિંહજી ઝાલા,

(૧૦) શ્રી લીલાધર પટેલ.

તેમણે વધુમાં જણાવ્યું કે સદર સમિતિ પર એક વધુ સભ્યની નિમણુક પાછળથી કરવામાં આવશે.

(૨) અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે તા. ૧૫મી માર્ચ ૧૯૭૧ના રોજ બપોરના ૩--૦૦ વાગ્યા પછી વિ. સ. સ., શ્રી એચ. એમ. પટેલે વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપ્યું છે. તેમણે વધુમાં જાહેર કર્યું કે તારીખ ૧૬મી માર્ચ ૧૯૭૧ના રોજ ગૃહની બેઠક મળી તેના થોડા સમય પૂર્વે જ વિ. સ. સ., શ્રી મહીપતરાય મહેતાએ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપ્યું છે. તેમણે અંતમાં ઉમેર્યું કે સદર જગ્યાઓ ઉપરોકત દિવસોથી ખાલી પડેલ છે.

(૩) અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે વિ. સ. સ., શ્રી ભીમસીંગભાઇ ગામિતે તેમને જાણ કરી છે કે સભ્યશ્રી અત્યાર સુધી વિરોધ પક્ષમાં અપક્ષ સભ્ય તરીકે બેસતા હતા પરંતુ તેઓ શાસક કોંગ્રેસમાં પક્ષમાં જોડાયા છે અને તેથી તેમના માટે ગૃહમાં યોગ્ય જગ્યાની ફાળવણી કરવી.

૨. નાણા મંત્રી, શ્રી બાબુભાઇ પટેલે સન ૧૯૭૧--૭૨ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત કરતાં પોતાનું છાપેલું પ્રવચન વાંચ્યું. કેટલાક સભ્યોએ પ્રવચનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નોની સ્પષ્ટતા માગી અને નાણા મંત્રીશ્રીએ તેના ખુલાસા કર્યા.

૩. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિ પર એક વધુ સભ્ય તરીકે વિ. સ. સ., શ્રી માર્તંડરાય શાસ્ત્રીની નિમણુક કરી.

**બુધવાર, તા. ૧૭મી માર્ચ, ૧૯૭૧.**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. (૧) વિ. સ. સ., શ્રી જશવંતરાય મહેતાએ તેમના મંત્રીપદના આપેલા રાજીનામા અંગે નિયમ ૧૦૭ હેઠળ ખુલાસો કરતું નિવેદન કર્યું.

(૨) વિ. સ. સ., શ્રી ગોરધનદાસ ચોખાવાળાએ તેમના મંત્રીપદના આપેલા રાજીનામા અંગે નિયમ ૧૦૭ હેઠળ ખુલાસો કરતું નિવેદન કર્યું.

૩. વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ, નિયમ ૧૧૬ અન્વયે, સુરેન્દ્રનગર જિલ્લામાં એક શખસની દુકાનમાંથી પોલીસે હાથ ધરેલા નવ નવ કીલોનાં વજનના ૬૭ બોમ્બ અને સરકારે લીધેલાં પગલાં તરફ ગૃહ વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ગૃહ મંત્રી, શ્રી જશરામભાઈ પટેલે તેમનું નિવેદન સાદર કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. તા. ૧૬મી માર્ચ ૧૯૭૧ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી. સંસદીય બાબતોના મંત્રી, શ્રી વિજયકુમાર ત્રિવેદીએ જણાવ્યું કે ઉકત ભલામણો સ્વીકારવા બાબતનો પ્રસ્તાવ તેઓ તા. ૧૮મી માર્ચ ૧૯૭૧ના રોજ રજૂ કરશે.

૫. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે તા. ૧૯મી માર્ચ ૧૯૭૧ના રોજ ગૃહની બેઠકનો સમય સવારના ૮--૩૦ થી બપોરના ૧--૦૦ વાગ્યા સુધી રહેશે અને વચ્ચે વિરામનો સમય રહેશે નહિ. તેમણે વધુમાં જણાવ્યું કે તા. ૨૬મી માર્ચ ૧૯૭૧ના રોજ ગૃહની બેઠક બપોરના ૧૨--૦૦ વાગ્યે મળશે અને તે દિવસનું કામકાજ પૂરું ન થાય ત્યાં સુધી તે ચાલુ રહેશે.

૬. (૧) નાયબ ઉદ્યોગ મંત્રી, શ્રી વિનોદચંદ્ર શાહે "ઉદ્યોગ ખાતા પાસે આવેલી ઉદ્યોગો સ્થાપવા અને વિસ્તૃતીક. .ી અરજીઓ" બાબતના વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાના પ્રશ્ન ક્રમાંક ૨૯૭૯૪ના તારીખ ૧૨મી જુન ૧૯૭૦ના રોજ આપવામાં આવેલા જવાબમાં સુધારો કરતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂક્યું.

(૨) ગૃહ મંત્રી, શ્રી જશરામભાઈ પટેલે "રાજ્યમાં જમીન ઝૂંટવો આંદોલન" બાબતના વિ. સ. સ., શ્રી ઉત્તમભાઈ પટેલના પ્રશ્ન ક્રમાંક ૩૨૭૫૭ના તા. ૨૮મી નવેમ્બર ૧૯૭૦ના રોજ આપવામાં આવેલા જવાબમાં સુધારો કરતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂક્યું.

૭. (૧) ગૃહ મંત્રી, શ્રી જશરામભાઈ પટેલે ગુજરાત વિજિલન્સ કમિશનનો સન ૧૯૬૮-૬૯નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

(૨) મુખ્ય મંત્રી, શ્રી હિતેન્દ્ર દેસાઈએ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનનો સન ૧૯૬૯-૭૦નો અહેવાલ તેમજ જે કિસ્સાઓમાં કમિશનની સલાહ સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવા માટેનાં કારણો દર્શાવતી યાદી વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૩) નાણા મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે તા. ૨૮મી ઓકટોબર ૧૯૭૦ થી ૨૦મી ફેબ્રુઆરી ૧૯૭૧ સુધીમાં રાજ્ય સરકારે આપેલી બાંયધરીની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૮. વિશેષાધિકાર સમિતિના પ્રમુખ, શ્રી માધવસિંહ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે વિશેષાધિકાર સમિતિનો સાતમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે.

વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ નિયમ ૨૫૭ અને ૨૫૮ હેઠળના પ્રસ્તાવો માટેના સુધારા રજૂ કરવા માટેની સ્પષ્ટતા માગી. અધ્યક્ષશ્રીએ તે બાબતની સ્પષ્ટતા કરી. અંતમાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આજના પ્રસ્તાવો પૂરતું તેઓ સુધારો આપવાની સમય મર્યાદાનો આગ્રહ રાખશે નહિ.

ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૯. વિશેષાધિકાર સમિતિના પ્રમુખ, શ્રી માધવસિંહ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સભાગૃહ વિશેષાધિકાર સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય અને ટૂંકું પ્રવચન કર્યું.

ચર્ચામાં બે સભ્યોએ ભાગ લીધો. ચર્ચા બાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૧૦. વિશેષાધિકાર સમિતિના પ્રમુખ, શ્રી માધવસિંહ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સમિતિનો આઠમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૧. વિશેષાધિકાર સમિતિના પ્રમુખ, શ્રી માધવસિંહ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સભાગૃહ વિશેષાધિકાર સમિતિના આઠમાં અહેવાલ સાથે સંમત થાય.

વિ. સ. સ. શ્રી મનુભાઈ પાલખીવાળાએ સુધારો રજૂ કર્યો કે સભાગૃહનું અવમાન કરનારા ઈસમો શ્રી યશોધર મહેતાશ્રી અને રમણલાલ શેઠને ગૃહમાં હાજર કરવા અને તેમને ઠપકો આપવો અને ટૂંકું પ્રવચન કર્યું.

ચર્ચામાં ૧૦ સભ્યોએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ વિશેષાધિકાર સમિતિના પ્રમુખ, શ્રી માધવસિંહ સોલંકીએ આપ્યો.

વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાનો સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને નામંજુર કરવામાં આવ્યો. ત્યારપછી મૂળ પ્રસ્તાવ માટે મત મૂકવામાં આવ્યો અને તે મંજુર કરવામાં આવ્યો.

૧૨. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર સભ્યોએ મોટી સંખ્યામાં આપેલા સુધારા તરફ અને તેમાંથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ તરફ અધ્યક્ષશ્રીએ ગૃહનું ધ્યાન દોર્યું. ચર્ચા બાદ સંબંધિત માનનીય સભ્યોની વિનંતીનો સ્વીકાર કરી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે જે માનનીય સભ્યના નામ ઉપર એક કરતાં વધારે સુધારા હશે તેમના નામે વિધાનસભા સચિવાલય માનનીય સભ્યશ્રીની પસંદગી અનુસારનો એક એક સુધારો પસંદ કરશે અને તેને યાદીમાં સ્થાન આપવામાં આવશે.

૧૩. વિશેષાધિકાર સમિતિના પ્રમુખ, શ્રી માધવસિંહ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે વિશેષાધિકાર સમિતિનો નવમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે.

વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ સુધારો રજૂ કર્યો કે સદર અહેવાલ ફેરવિચારણા કરવા માટે સમિતિને સોંપવામાં આવે અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં.

ચર્ચામાં ૪ સભ્યોએ ભાગ લીધો. ત્યારબાદ ફેરવિચારણા માટેનો સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને સ્વીકારવામાં આવ્યો.

૧૪. વિશેષાધિકાર સમિતિના પ્રમુખ, શ્રી માધવસિંહ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સમિતિનો દસમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે.

વિ. સ. સ., શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ સુધારો રજૂ કર્યો કે સદર અહેવાલ ફેરવિચારણા કરવા સમિતિને સોંપવામાં આવે અને તે બાબતમાં તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ત્યારપછી સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૧૫. વિશેષાધિકાર સમિતિના પ્રમુખ, શ્રી માધવસિંહ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સભાગૃહ સમિતિના દસમા અહેવાલ સાથે સંમત થાય.

વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ સુધારો રજૂ કર્યો કે વિશેષાધિકારનો ભંગ કરવા માટે પંચાયતના પ્રમુખશ્રી તથા સભ્યોને ગૃહમાં રજૂ કરવામાં આવે અને તેઓને ઠપકો આપવામાં આવે અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ચર્ચામાં વિ. સ. સ., શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ સમિતિના પ્રમુખશ્રીએ આપ્યો.

ત્યારપછી સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારપછી મૂળ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

### ગુરૂવાર, તા. ૧૮મી માર્ચ, ૧૯૭૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી દેવજીભાઈ પરમારે જણાવ્યું કે ગુજરાત સમાચારના અંકમાં પાન ૭ ઉપર તેમના નામ સામે અમુક શબ્દો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે, જે ખરેખર તેમણે કહ્યા નથી અને તેથી પ્રેસને સદર બાબતમાં વધુ કાળજી રાખવાની સૂચના આપવામાં આવે.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તે ઘણી ગંભીર બાબત છે અને સભ્ય ધારે તો વિશેષાધિકાર ભંગના પ્રસ્તાવની સૂચના આપી શકે છે. તેઓ સભ્યશ્રીના મજકૂર સૂચન સાથે સંમત થયા અને જણાવ્યું કે પ્રેસને યોગ્ય સૂચના આપવામાં આવશે.

૩. વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ, નિયમ-૧૧૬ અન્વયે, અમદાવાદની માણેકચોક મીલ આશરે ૩ વર્ષથી બંધ રહી હતી ત્યારબાદ રોકડી પધ્ધતિથી મિલના પચાસ ટકા માણસોને કામ આપી ચાલુ થઈ હતી, તે પણ તા. ૯મી માર્ચ, ૧૯૭૧ થી તદ્દન બંધ થતાં આશરે ૨,૦૦૦ કારીગરોની રોજી રોટી ઝૂંટવાઇ જતાં ઊભી થયેલી પરિસ્થિતિ અને મિલને ચાલુ કરવા સરકારે લીધેલાં અને લેવાનાં પગલાં તરફ મજૂર વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મજૂર મંત્રી, શ્રી શાંતિલાલ શાહે તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને મજૂર મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. (૧) નાણા મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે જેના માટે પૂરક માગણીઓ મૂકવામાં આવી નથી તેવી, તા. ૧૫મી માર્ચ, ૧૯૭૧ સુધી મંજૂર કરાયેલી આકસ્મિક ફંડ પેશગીઓ દર્શાવતું પત્રક વિધાન-સભાના મેજ ઉપર મૂક્યું.

(૨) નાયબ ઉદ્યોગ મંત્રી, શ્રી વિનોદચંદ્ર શાહે ગુજરાત એક્ષપોર્ટ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૬૯ના વર્ષનો અહેવાલ વિધાન સભાના મેજ ઉપર મૂક્યો.

(૩) નાણા મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે, સન ૧૯૭૦ના ગુજરાત વેચાણવેરા નિયમો સુધારતી નાણા વિભાગની તા. ૫મી માર્ચ, ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક-જીએચએન-૪ (જીએસઆર-૧૦૭૧ (૩)-ટીએચ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૫. નાણા મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે સન ૧૯૬૭-૬૮ના વર્ષ માટેના વધારાના ખર્ચનું વિવરણ પત્રક રજૂ કર્યું.

૬. સંસદીય બાબતોના મંત્રી, શ્રી વિજયકુમાર ત્રિવેદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૧૭મી માર્ચ, ૧૯૭૧ના રોજ સભાગૃહ સમક્ષ રજ કરેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો સાથે સભાગૃહ સંમત થાય.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

૭. વિ. સ. સ., શ્રી ઈન્દુભાઈ પટેલે રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ રજૂ કર્યો અને તે સંબંધમાં તેમનાં મંતવ્યો રજૂ કર્યા. ત્યારપછી વિ. સ. સ., શ્રી ગોસાઇભાઈ પટેલે પ્રસ્તાવને ટેકો આપ્યો અને તેમનાં મંતવ્યો રજૂ કર્યાં.

ત્યારપછી રાજ્યપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પરના સુધારા જે સભ્યો ગૃહમાં હાજર હતા તેમના નામે રજૂ થયેલા જાહેર કરવામાં આવ્યા.

ત્યારપછી ચર્ચામાં ૧૧ સભ્યોએ ભાગ લીધો.

ચર્ચા અધૂરી રહી.

### શુક્રવાર તા. ૧૯મી માર્ચ, ૧૯૭૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. (૧) નાયબ ઉદ્યોગ મંત્રી, શ્રી વિનોદચંદ્ર શાહે ગુજરાત સ્ટેટ ટેક્ષટાઈલ કોરપોરેશન લિમિ-ટેડનો તા. ૩૦મી નવેમ્બર, ૧૯૬૮થી તા. ૩૧મી ડિસેમ્બર, ૧૯૬૯ સુધીની મુદત માટેનો પહેલો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

(૨) નાયબ ઉદ્યોગ મંત્રી, શ્રી વિનોદચંદ્ર શાહે સન ૧૯૭૦ના ગુજરાત સ્થાનિક સત્તા મંડળ વસ્તી-ગણતરી ખર્ચ-ફાળા નિયમો ઘડતી સામાન્ય વહીવટ વિભાગની તા. ૩૧મી ડિસેમ્બર,

૧૯૭૦ની અધિસૂચના ક્રમાંક-કેએસ-૫૫-સીએનએસ-૧૦૬૯-૩૨૮૦-સીએચએચ. વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૩. અધ્યક્ષશ્રીએ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ વાંચી સંભળાવ્યો.

ત્યારપછી રાજ્યપાલશ્રીના સંબોધન પરની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી. ચર્ચામાં વધુ ૧૫ સભ્યોએ અને એક મંત્રીશ્રીએ ભાગ લીધો.

ચર્ચા અધૂરી રહી.

**સોમવાર, તા. ૨૨મી માર્ચ, ૧૯૭૧**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી તરફથી બુધવાર, તા. ૨૪મી, માર્ચ, ૧૯૭૧ના રોજ સાંજે ૬-૦૦ વાગ્યે રાખવામાં આવેલ ઉદ્યાન સમારંભમાં સભ્યોને આમંત્રણ આપવામાં આવ્યું છે. સભ્યો તે સમારંભમાં હાજરી આપવા વેળાસર જઈ શકે એટલા માટે સભાગૃહની સંમતિથી તે દિવસનો સભાગૃહનો સમય સવારના ૧૧-૩૦ થી સાંજના ૪-૩૦ વાગ્યા સુધીનો જાહેર કરવામાં આવ્યો.

૩. વિ. સ. સ. શ્રી પ્રતાપરાય શાહે નિયમ ૧૧૬ અન્વયે મહુવામાં માછીમારોનાં ઝુંપડાં બળી જતાં પેદા થયેલી પરિસ્થિતિ અંગે રાજ્ય સરકારે લીધેલાં તાકીદના રાહતના પગલાં તરફ મહેસૂલ વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મહેસૂલ મંત્રીશ્રી પ્રેમજીભાઈ ઠક્કરે તેમનું નિવેદન ગૃહ સમક્ષ રજુ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતાં પ્રશ્નો પૂછયા અને મહેસૂલ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. અધ્યક્ષશ્રીએ નિયમો માટેની સમિતિનો સાતમો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૫. વિ. સ. સ. શ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે બે ત્રણ દિવસ પહેલાં વિત્ત મંત્રીશ્રીએ સભાગૃહમાં એક પત્રક રજુ કર્યું છે તેમાં જણાય છે કે આકસ્મિક ફંડમાંથી અમુક નાણાં ઉપાડવામાં આવેલા છે અને તેને માટે ગ્રાન્ટ મંજુર થયેલી છે. આમાંની કેટલીક રકમનો પૂરક માંગણીઓના પત્રકમાં સમાવેશ થયો ન હોઈને પૂરક માંગણીઓ યોગ્ય રીતે રજુ થયેલ નથી. ફંડમાંથી પાછળથી ઉપાડેલ કેટલીક રકમની વિગતો આપવામાં આવેલી છે પરંતું આગળ ઉપાડેલ રકમની વિગતો આપવામાં આવેલ નથી. આમાંથી કેટલીક રકમ નવી સેવાને લગતી છે જેની વિગતો સભ્યોને પૂરક માગણીની ચર્ચા હાથ પર લેવાય તે પહેલાં આપવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રીએ ઉપસ્થિત કરેલા મુદ્દો માન્ય રાખ્યા બાદ નાણા મંત્રીશ્રી, બાબુભાઈ પટેલે ખુલાસો કરતાં જણાવ્યું કે આ અંગેની વિગતો તેઓ તા. ૨૩મી માર્ચ, ૧૯૭૧ના રોજ આપશે.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે પૂરક માગણીમાં આટલો ઉમેરો કરીને માંગણી મંજુર કરાવવાનું બરાબર થશે.

૬. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવના પરની ચર્ચા ત્રીજા અને છેલ્લા દિવસે ચાલુ રહી, જેમાં ૧૦ વધુ સભ્યોએ અને ૩ મંત્રીશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચા બાદ પ્રસ્તાવ પર રજૂ થયેલા સુધારાઓ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા અને પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૭. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે હમણાં જ તેમની પાસે બે માનનીય સભ્યો શ્રી નારણભાઈ કાળીદાસ પટેલ અને શ્રી શંભુભાઈ ડી. પટેલ આવીને પત્ર આપી ગયા છે. ઉપરોક્ત સભ્યોએ બહુમતી પક્ષમાંથી રાજીનામાં આપી શ્રી જગજીવનરામની નેતૃત્વવાળી કોંગ્રેસમાં જોડાયા છે અને તે પ્રમાણે બેઠકની ફાળવણી કરવાની તેમને વિનંતિ કરી છે.

## મંગળવાર, તા. ૨૩મી માર્ચ, ૧૯૭૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. નાયબ વિદ્યુત મંત્રી, શ્રી વિનોદચંદ્ર શાહે ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમના સન ૧૯૭૦-૭૧ના વર્ષના હિસાબ ઉપરનો ઓડીટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૩. સન ૧૯૭૦-૭૧ના વર્ષ માટેની પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થઈ. તા. ૨૨મી માર્ચ, ૧૯૭૧ના રોજ આકસ્મિક ફંડમાંથી પડેલા ખર્ચ અંગેની યાદી સાથે પૂરી વિગત સાથે પૂરક માગણી રજૂ કરવી જોઈએ એવા ઉપસ્થિત થયેલા મુદ્દા અંગે નાણા મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે કન્ટીજન્સી ફંડના કાયદા નીચેની જોગવાઈ ટાંકી જણાવ્યું કે આવતા વર્ષે જે પૂરક માગણી આવશે તેમાં આ રકમનો સમાવેશ કરવામાં આવશે.

ત્યારબાદ તે અંગે સભ્યશ્રીઓએ માગેલી સ્પષ્ટતા પણ નાણા મંત્રીએ કરી.

વધુમાં નાણા મંત્રીશ્રીએ જણાવ્યું કે આ પૂરક માગણીઓ તૈયાર થઈ ત્યારપછી રાજ્યપાલશ્રીએ તેમનું ધ્યાન દોર્યું છે કે આ વર્ષની પૂરક માગણીઓમાં "૫૦-રાજ્ય બાંધકામ-બી-મરામત મકાનોના મરામત" હેઠળ રૂા. ૧૩૦૦૦ (બિનમતપાત્ર) રાજભવનના મરામત અંગે વધારાની રકમ મૂકવામાં આવી છે એ વધારાનો ખર્ચ કરવાની કરકસરની દ્રષ્ટિએ જરૂરી નથી. અને તેથી આ રકમ પૂરક પત્રકમાંથી રદ કરવામાં આવે છે એમ તેમણે સભાગૃહને જણાવ્યું.

ત્યારબાદ નાયબ ઉદ્યોગ મંત્રી, શ્રી વિનોદચંદ્ર શાહે મુખ્ય મંત્રીશ્રી વતી પૂરક માગણીઓ પર વિચારણા કરવા અંગેની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

"હિસાબના મુખ્ય સદર" ૧૮-સંસદ, રાજ્ય અને સંઘ પ્રદેશોનાં વિધાનમંડળો (સા. વ. વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મળ્જૂર પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૪ રજૂ થયેલી જાહેર કરી.

ત્યારબાદ હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ (સા. વ. વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૫ રજૂ થયેલી જાહેર કરી.

ત્યારબાદ હિસાબના મુખ્ય સદર "૨૬-પરચુરણ ખાતાં, ૩૯-પરચૂરણ, સામાજિક અને વિકાસ-લક્ષી સંઘટનો, ૭૧ પરચૂરણ (સા. વ. વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૬ થી ૮ રજૂ થયેલી જાહેર કરી.

ત્યારબાદ હિસાબના મુખ્ય સદર "૩૫-ઉદ્યોગો (ઉ. ખા. અને વી. વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૯ અને ૧૦ રજૂ થયેલી જાહેર કરી.

ત્યારબાદ હિસાબના મુખ્ય સદર "કયુ-રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ (ઉ. ખા. અને વી. વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૧૧ થી ૧૭ રજૂ થયેલી જાહેર કરી.

ત્યારપછી ગૃહ મંત્રી, શ્રી જયરામભાઈ પટેલે રજૂઆત કરી કે ગૃહ ખાતાની કેટલીક પૂરક માગણીઓ મુખ્ય મંત્રીશ્રીના ખાતા સાથે સંકળાયેલી છે એટલે જો સાથોસાથ રજૂ કરવા દેવા સભાગૃહ સંમત થાય તો તેઓ જવાબ આપશે. સભાગૃહે સંમતિ આપી.

ત્યારબાદ હિસાબના મુખ્ય સદર "૨૩-પોલીસ (ગૃહ વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૧૮ થી ૨૧ રજૂ થયેલી જાહેર કરી.

ત્યારબાદ હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ (ના. પુ. વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૨૨ અને ૨૩ રજૂ થયેલી જાહેર કરી.

ત્યારબાદ હિસાબના મુખ્ય સદર "કયુ-રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ (ના. પુ. વિભાગ) અન્વયેની પૂરક માગણી ક્રમાંક ૯૬ રજૂ થઈ.

વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે ઉપરોકત પૂરક માગણી ક્રમાંક ૯૬ નવી સેવા અંગેની છે એમ સ્પષ્ટ એમાં દર્શાવવામાં આવ્યું છે અને એટલા માટે જે સાત કરોડ રૂપિયાની લોન મારકેટીંગ સોસાયટીને રાજ્ય સરકાર તરફથી મળવાની છે તેની અગત્યની સંપૂર્ણ વિગતો જેવી કે લોનના વ્યાજનો દર, લોનની વસૂલાતનું ધોરણ કેટલા અને કેટલી રકમના હપ્તા રાખવાના છે, સોસાયટી કયા ભાવે તેલ ખરીદશે, કયા ભાવે વહેંચવામાં આવશે વગેરે સદર પૂરક માગણીની ચર્ચા પહેલાં ત્રણ દિવસ અગાઉ સભ્યોને મળવી જોઈતી હતી તે આપવામાં આવી નથી અને એટલા માટે પૂરક માગણીની ચર્ચા થઈ શકે નહિ.

ગૃહ મંત્રી, શ્રી જયરામભાઈ પટેલે ખુલાસો કરતાં જણાવ્યું કે લોનની રકમ માર્કેટીંગ સોસાયટીએ ઠરાવેલ વ્યાજે આપવામાં આવે છે. કયા વ્યાજે આપવામાં આવે છે તેની માહિતી તેમની પાસે નથી અને તે વિશ્રાંતિ બાદ તેઓ આપશે.

ત્યારપછી વિ. સ. સર્વશ્રી સનત મહેતા, નરેન્દ્રસિહજી ઝાલા, પ્રતાપ શાહ, દ્વારકાદાસ બારાઈ,ગૌરીશંકર પાઠક, માર્તન્ડરાય શાસ્ત્રી, મનોહરસિહજી જાડેજા, રતિલાલ ખુશાલદાસ, કાંતિલાલ ઘીયા અને બાલાશંકર જોશીએ પોઇન્ટ ઓફ ઓર્ડર અંગેની ચર્ચામાં ભાગ લીધો. ચર્ચા દરમ્યાન સભ્યશ્રીઓએ ચર્ચા અગાઉ ત્રણ દિવસ પહેલા માહિતી આપવા અંગેના નિયમનું ચુસ્ત પાલન થવા માટે આગ્રહ રાખ્યો. અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે નિયમોની અંદરની જોગવાઈ એ સભાગૃહે તેમને આપેલા હુકમ બરોબર છે. અને સભાગૃહના મોટા ભાગના સભ્યો જે વાતમાં સંમત ન હોય એને અંગે તેઓ સ્વવિવેક અધિકાર વાપરી શકે નહિ અને એટલા માટે ત્રણ દિવસની મુદતને વળગી રહેવું પડે.

વિ. સ. સ., શ્રી સનત મહેતાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે કુલ કેટલું તેલ ખરીદવાનું છે એવા વિ. સ. સ., શ્રી બારાઈના એક સવાલના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ માહિતી આપવાનું રાજ્યના હિતમાં નથી અને એ જવાબ અધ્યક્ષશ્રીએ મંજૂર રાખ્યો હતો. તો ચાલુ જ સત્ર દરમ્યાન નવી સેવામાં તે જ વાત કરવામાં આવે ત્યારે મંત્રીશ્રીએ વધુ વિગતો આપે એ એક પ્રકારની વિસંવાદીતા છે અને એ વિસંવાદીતા ચાલુ રહે તો અધ્યક્ષશ્રી પાસે અને સભ્યો પાસે કોઈ સાધન નથી.

અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે અમુક બાબત જાહેર કરવી એ જાહેર હિતમાં છે કે નહિ એ નિર્ણય કરવાનો મંત્રીશ્રીને અબાધિત અધિકાર છે. તે અધિકારમાં ક્યારે છૂટછાટ મૂકવી એ નિર્ણય કરવાનો પણ અબાધિત અધિકાર મંત્રીશ્રીને છે.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૯૬ સિવાયની બીજી રજૂ થયેલી ઉપરોકત પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપદરખાસ્તો ઉપર એકી સાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ કાપદરખાસ્તો પર મત લેવાતાં નામંજૂર થઈ. ત્યારપછી મજકૂર માગણીઓ મંજૂર કરવામાં આવી.

ત્યારબાદ હિસાબના મુખ્ય સદર "૫૦-રાજ્ય બાંધકામ (બાંધકામ વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ.

વિ. સ. સ., શ્રી મનોહરસિહજી જાડેજાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે ગયા વખતે ઉપરોકત માગણી મૂકવામાં આવી હતી ત્યારે એ રકમ કયા જિલ્લામાં ફાળવવાની છે કયા જિલ્લામાં કયા કામ કરવા કેટલી રકમ જોઈએ છીએ એનો પ્રસ્તાવ લઈને સરકાર આવેલી અને એ પ્રસ્તાવ સભાગૃહે મંજૂર રાખેલો પરંતુ આ પૂરક માગણીમાં આમૂલ ફેરફાર કરવામાં આવ્યો છે. તો એકવાર સભાગૃહ પાસે મંજૂરી મેળવ્યા પછી સભાગૃહ એ પ્રસ્તાવ rescind કરે તે પહેલાં એ જ રકમ બીજા કામ માટે ફાળવવા માટેનો પ્રસ્તાવ સરકાર લાવી શકે કે કેમ? તેમણે વધુમાં જણાવ્યું કે આમૂલ ફેરફાર કરવાથી તે નવી સેવા બની જાય છે અને તેથી આમૂલ ફેરફાર કરવાનાં સંપૂર્ણ વિગતવાર કારણો આપવા જોઈએ અને એ ન આપવાનાં કારણે આ પૂરક માગણી રજૂ થઈ શકે નહિ.

બાંધકામ મંત્રી, શ્રી જશવંતલાલ શાહે ખુલાસો કરતાં જણાવ્યું કે જિલ્લા પંચાયતોએ કેટલાક ફેરફારો કરવાની રજૂઆત કરતાં સુધારેલો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો છે અને સુધારેલો કાર્યક્રમ એ નવી સેવા બનતી હોઇ સભાગૃહના ધ્યાન પર લાવવા આ પૂરક માગણી રજૂ કરવામાં આવી છે. અને તે પૂરક માગણીની વિગતો પત્રકમાં આપવામાં આવી છે.

અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિએ વિચાર કરીને નવી સેવા અંગેની જે વ્યાખ્યા કરી છે એનો ઉલ્લેખ કર્યો અને નિર્ણય આપતાં જણાવ્યું કે અગાઉના કાર્યક્રમમાં ફેરફાર કરીને નવો કાર્યક્રમ કરેલ હોવાથી જ સરકાર સભાગૃહ સમક્ષ આવી છે. નાના નાના ફેરફારો હોત તો સભાગૃહ સમક્ષ ન આવી હોત તો પણ ચાલત એમ જણાવી તેમણે સભ્યશ્રીના બન્ને મુદ્દા નામંજૂર કર્યા.

ત્યારબાદ પૂરક માગણી મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

**બુધવાર, તા. ૨૪મી માર્ચ, ૧૯૭૧**

૧. વિ. સ. સ., શ્રી રતનભાઈ ગાવિતે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે તેમના વિષે એક વર્તમાનપત્રમાં એક અહેવાલ પ્રગટ કરવામાં આવ્યો છે કે તેઓ શાસક કોંગ્રેસમાં જોડાયા છે અને બીજા એક વર્તમાનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે તેઓ સંસ્થા કોંગ્રેસમાં જોડાયા છે. તેમણે કોઈ પક્ષ બદલ્યો નથી તેમ જણાવી ઉપરોકત અહેવાલો અંગે અધ્યક્ષશ્રીનું રક્ષણ માગ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેઓ વર્તમાનપત્રો તપાસી જોશે અને પત્રકારોને તાકીદ કરશે કે તેવી જાતનું કોઈપણ સભ્યનું ખોટું વર્ણન કરે નહિ.

ત્યારપછી પ્રેસ ગેલેરીમાં વર્તમાન પત્રોના પ્રતિનિધિઓની ગેરહાજરી અંગેની ચર્ચા થઈ.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે પત્રકારોને અનુકૂળ ગેલેરી આપવા બાબતમાં તેમના મનમાં કોઈ જાતનો પૂર્વગ્રહ નથી, એ લોકોને યોગ્ય ગેલેરી મળવી જોઈએ, પરંતુ એનો નવેસરથી વિચાર કરવો પડે, એ તાત્કાલિક કરવું મુશ્કેલ છે. ફરી વખત સભાગૃહ જુન કે જુલાઈમાં મળશે ત્યારે તે વખતે ચાલુ વ્યવસ્થા કરતાં વધારે સારી અસરકારક વ્યવસ્થા જરૂર કરી શકાશે.

૨. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૩. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે શ્રી મધુભાઈ દાદુભાઈ દેસાઈએ તેમને ગઇ કાલે પત્ર દ્વારા જણાવ્યું છે કે સભ્યશ્રીએ સંસ્થા કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું છે અને શાસક કોંગ્રેસમાં જોડાયા છે.

૪. કાયદા મંત્રી, માનનીય શ્રી વિજયકુમાર ત્રિવેદીએ અધ્યક્ષશ્રીની પરવાનગીથી રજૂઆત કરી કે તા. ૨૩-૩-૭૧ના રોજ રજૂ થયેલી પુરવઠા ખાતાની પૂરક માગણી ક્રમાંક ૯૯ નવી સેવા અંગેની હોવાથી તેને લગતી કેટલીક વિશેષ માહિતી આપી દેવામાં આવી છે અને પિજિયન હોલમાં મૂકવામાં આવી છે અને સરકારના અભિપ્રાય પ્રમાણે તે માહિતી પૂરતી છે. માહિતી ઓછી આપવામાં કોઈ જાતનો ઈરાદો ન હતો અને એ સંદર્ભમાં અધ્યક્ષશ્રીને વિનંતી કરી કે સભાગૃહના નિયમ ૫૭ અને ૫૮ નીચે ત્રણ દિવસની નોટિસની જોગવાઈ ( waive ) કરીને કલમ ૫૮ નીચે તેમને

આપવામાં આવેલા સર્વમાન્ય અધિકાર નીચે ઉપરોકત પૂરક માગણી રજૂ કરવા દેવામાં આવે અને તે ચર્ચા બાદ મતદાન માટે મૂકવામાં આવે.

તે અંગેની ચર્ચામાં વિ. સ. સ., સર્વશ્રી માર્તંડરાય શાસ્ત્રી, કાંતિલાલ ઘીયા, શ્રી છબીલદાસ મહેતા, ઇન્દુભાઈ પટેલ, પ્રતાપ શાહ, નરેન્દ્રસિંહજી ઝાલા, મનોહરસિંહજી જાડેજા, પ્રેમજીભાઈ ઠક્કર (મંત્રીશ્રી) અને સનત મહેતાએ ભાગ લીધો.

વિ. સ. સ. શ્રી માર્તંડરાય શાસ્ત્રીએ એજન્ડા ઉપર ન હોય તેવો મુદ્દો કોઈ સભ્ય રજૂ કરી શકે નહિ એવા ઉપસ્થિત કરેલા મુદ્દા અંગે અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે સભાગૃહમાં તેમની પરવાનગીથી કોઈપણ સભ્યશ્રી કોઈપણ મુદ્દો ઉપસ્થિત કરી શકે છે.

નિયમ ૫૩ અન્વયે ટૂંકી મુદતની સૂચનાથી ચલાવી લઈને નિયમ ૫૬ અન્વયેના અધ્યક્ષશ્રીના વિશેષ અધિકારો વાપરવાની માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીની માગણીનો અધ્યક્ષશ્રીએ અસ્વીકાર કર્યો કારણ કે ઉપરોકત નિયમોનો હાલના પ્રસંગે ઉપયોગ કરી શકાય એવી સ્થિતિ નહોતી.

૫. વિ. સ. સ., શ્રી ઇન્દુભાઈ પટેલે પૂરક માગણી ક્રમાંક ૯૬ અંગે ચર્ચાના ત્રણ દિવસ અગાઉ માહિતી આપવા બાબતમાં ત્રણ દિવસનો સમય વેઈવ કરવા અંગેના નિયમ ૫૫ હેઠળનો પ્રસ્તાવ રજૂ કરવા અધ્યક્ષશ્રીની સંમતિ માગી.

ચર્ચામાં વિ. સ. સ., સર્વશ્રી નરેન્દ્રસિંહજી ઝાલા, સનત મહેતા, દ્વારકાદાસ બારાઈ, પ્રતાપ શાહ, માર્તંડરાય શાસ્ત્રી, ગંગારામ રાવળ, ગોરધનદાસ ચોખાવાલા, મનુભાઈ પાલખીવાળા, બાલાશંકર જોશી, મનોહરસિંહજી જાડેજા અને પોપટલાલ કક્કડે ભાગ લીધો.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નિયમ ૫૫ અન્વયે સંમતિ આપવા માટેનાં સબળ કારણો માનનીય સભ્યે ચર્ચાની શરૂઆતમાં ન બતાવ્યાં. મજબૂત કારણો બતાવવામાં આવે તો જ જાહેર અગત્યના કારણે અધ્યક્ષે સંમતિ આપવાનો પ્રશ્ન આવે એમ જણાવી વિ. સ. સ.,શ્રી ઇન્દુભાઈની માગણીનો અધ્યક્ષશ્રીએ અસ્વીકાર કર્યો. પરંતુ તેમણે જણાવ્યું કે કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળવાની છે. તેનો અહેવાલ ટૂંક સમયમાં ગૃહમાં આવશે ત્યારે આ બાબતમાં ફેરવિચારણાની ગૃહને તક મળશે.

૬. (૧) જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ, શ્રી ચંદ્રશંકર ભટ્ટ સમિતિના ગુજરાત રાજ્ય નાણાકીય કોરપોરેશન પરના સમિતિના પહેલા અહેવાલમાંની ભલામણો અંગે સરકાર-કોરપોરેશને લીધેલાં પગલાં ઉપરનો છઠ્ઠો અહેવાલ તથા ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશન પરના સમિતિના બીજા અહેવાલમાંની ભલામણો અંગે સરકાર-કોરપોરેશને લીધેલાં પગલાં ઉપરનો સાતમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

(૨) સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના પ્રમુખ, શ્રી ઇન્દુભાઈ પટેલે સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો.

૭. વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ ગુજરાત રાજ્ય મેલેરીયા સર્વેલન્સ સ્ટાફના પ્રમુખશ્રીની સહીવાળી, સ્ટાફને પગાર, પ્રમોશન, દૈનિક ભથ્થું અને સેનેટરી ઇન્સ્પેકટરની ટ્રેઈનીંગ આપવા અંગેની તા. ૨૨-૩-૧૯૭૧ ની અરજી સાદર કરી.

અધ્યક્ષશ્રીએ ઉપરોકત અરજી અરજી, સમિતિને અહેવાલ રજૂ કરવા સોંપી.

૮. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન બીજા દિવસે ચાલુ રહ્યું.

હિસાબના મુખ્ય સદર "૩૧-ખેતી (ખે. વ. અને સ. વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ ઉપરોકત પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૪ અને ૬ થી ૧૦ રજૂ થયેલી જાહેર કરી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૯૮-બહુલક્ષી નદી યોજનાઓ અંગે મૂડી જોગવાઈ, ૯૯-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (વાણિજ્યિક) ૧૦૦-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (બિન-વાણિજ્યિક) બાંધકામ વિભાગ" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ ઉપરોકત માગણી ઉપર કાપદરખાસ્ત ક્રમાંક ૧૧, ૧૨ અને ૧૪ થી ૧૬ રજૂ થયેલી જાહેર કરી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૪૨-બહુલક્ષી નદી યોજનાઓ ૪૩-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (વાણિજ્યિક) ૪૪-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (બિન વાણિજ્યિક) (બાંધકામ વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ ઉપરોકત પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૧૭ થી ૨૦, ૨૨, ૨૩ અને ૨૫ રજૂ થયેલી જાહેર કરી.

ત્યારબાદ ઉપરોકત પૂરક માગણીઓ અને કાપદરખાસ્તો ઉપર એકી સાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ કાપદરખાસ્તો પર મત લેવાતાં તે નામંજૂર થઈ. મન્જૂર પૂરક માગણીઓ મંજૂર કરવામાં આવી.

ત્યારબાદ હિસાબના મુખ્ય સદર "૬૪-દુષ્કાળ રાહત (મહેસૂલ વિભાગ) અન્વયેની પૂરક માગણી રજૂ થઈ.

વિ. સ. સ., શ્રી છબીલદાસ મહેતાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે પૂરક માગણી ક્રમાંક-૨૬ માં જણાવ્યા પ્રમાણે એ નવી સેવા અંગેની હોઈ એની વિગતવાર માહિતી આપવામાં આવેલ નથી અને તેથી તેના ઉપર ચર્ચા કરી શકાય નહિ. શ્રી પ્રેમજીભાઈ ઠક્કર (મંત્રીશ્રી) અને શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ તેમનાં મંતવ્યો રજૂ કર્યાં.

અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે નિયમ ૨૨૪ અન્વયે જે વિગતો આપવાની હોય છે એ નિયમની જરૂરિયાત જોતાં જે માહિતી આપવામાં આવી છે એ માહિતી પૂરક માગણીના વિષયને જોતાં પૂરતી છે.

ત્યારબાદ પૂરક માગણી મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૫૪, ૭૫, ૯૪, ૪૯, ૧૩, ૪૦ અને ૭૧ પ્રભારી મંત્રીશ્રીઓએ એક પછી એક રજૂ કરી, મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

૯. અધ્યક્ષશ્રીએ તા. ૨૪-૩-૭૧ના રોજ વિરામના સમય દરમિયાન મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો સભાગૃહના મેજ ઉપર મૂકી.

## ગુરુવાર, તા. ૨૫મી માર્ચ, ૧૯૭૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. ભાવનગરની મહાલક્ષ્મી મિલ આશરે બે વર્ષ બંધ રહી ત્યારબાદ ગુજરાત ટેક્ષટાઈલ કોરપોરેશન તરફથી શરૂ કરવામાં આવી છે. પરંતુ તેમાં ફક્ત અડધી સંખ્યાના કામદારોને રોજી આપવામાં આવી છે અને તે પણ સ્થાનિક મજૂર મહાજનના કહેવા પ્રમાણેનાં કામદારોને જ રાખવામાં આવ્યા છે. અને કાયદેસર રીતે સીનીયોરીટી પ્રમાણેના કામદારોને રોજી આપવામાં આવી નથી. આ અંગે કામદારોમાં ભારે અસંતોષ ફેલાયેલો છે તો તે અંગે ઊભી થયેલી પરિસ્થિતિ ઉપર રાજ્ય સરકારે લેવાનાં પગલાં તરફ વિ. સ. સ., શ્રી પ્રતાપ શાહે, નિયમ ૧૧૯ અન્વયે, મજૂર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મજૂર મંત્રી, શ્રી શાંતિલાલ શાહે ઉપરોક્ત બાબત અંગે કેટલીક વિગત મંગાવવાની હોવાથી સમય લાગે એમ છે તેમ જણાવી સદર બાબત તા. ૩૦મી માર્ચ, ૧૯૭૧ના રોજ રાખવામાં આવે એવી વિનંતી કરી. વિનંતીનો સ્વીકાર કરવામાં આવ્યો.

૩. અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ અને જાહેર સાહસો માટેની સમિતિની ચૂંટણીનાં પરિણામની જાહેરાત કરી અને ઉપરોક્ત સમિતિઓના પ્રમુખોની નિમણૂક કરી.

૪. નીચે જણાવેલા વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત કરવામાં આવી.

(૧) બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી રતિલાલ ખુશાલદાસે સમિતિના બાવીસમા અહેવાલની રજૂઆત કરી અને પ્રસ્તાવ રજૂ કર્યો કે સભાગૃહ ઉપરોક્ત અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો સાથે સંમત થાય. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

(૨) અરજી સમિતિના પ્રમુખ, શ્રી વસંતલાલ મહેતાએ સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત કરી.

૫. સંસદીય બાબતોના મંત્રી, શ્રી વિજયકુમાર ત્રિવેદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે અધ્યક્ષશ્રીએ તા. ૨૪મી માર્ચ, ૧૯૭૧ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરેલ કામકાજ સલાહકાર સમિતિની ભલામણો સાથે સભાગૃહ સંમત થાય.

વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ સુધારો રજૂ કર્યો કે સોમવાર તા. ૨૯મી માર્ચ, ૧૯૭૧નું કામકાજ શનિવાર, તારીખ ૨૭મી માર્ચ, ૧૯૭૧ના રોજ રાખવાની જે ભલામણ કરવામાં આવી છે તેને બદલે તે કામ તા. ૨૯મી માર્ચ, ૧૯૭૧ના દિવસે જ રાખવામાં આવે અને તે અંગે ફેરવિચારણા કરવા ઉપરોક્ત ભલામણો સમિતિને પરત કરવામાં આવે. અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. પ્રસ્તાવ અને સુધારા પર એકી સાથે ચર્ચા થઈ.

ચર્ચા બાદ અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભ્યોએ રજૂ કરેલી મુશ્કેલીઓ સમિતિના ખ્યાલમાં જ હતી, અને તેની ચર્ચા પણ કરેલી. ત્યારબાદ તેમણે સમિતિએ કયાં કારણોસર ઉપરોકત ભલામણો કરવાનો નિર્ણય કર્યો હતો એ અંગેની રૂપરેખા આપી અને સૂચન કર્યું કે જો સભાગૃહ સંમત હોય તો તા. ૨૬મી માર્ચ, ૧૯૭૧ના રોજ સવારે ૮-૩૦ વાગ્યાથી ૧૦-૩૦ વાગ્યા સુધી સભાગૃહની ખાસ બેઠક મળે તેમાં બાકી રહેલી પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન કરવામાં આવે અને સરકાર તુરત જ વિનિયોગ વિધેયક ગેઝેટમાં પ્રસિધ્ધ કરે અને બપોરની બેઠકમાં સાંજના ૪-૦૦ વાગ્યા સુધી લેખાનુદાન પર ચર્ચા કરવામાં આવે અને ૪-૦૦ વાગ્યે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે લેવામાં આવે અને લેખાનુદાન વિધેયક સોમવારે લેવામાં આવે જેથી શનિવારે બેઠક બોલાવવાની જરૂર રહે નહિ. અધ્યક્ષશ્રીએ વધુમાં જણાવ્યું કે ઉપરોકત સૂચન સાથે ગૃહ સંમત થાય તો સભાગૃહની સંમતિથી કામકાજ સલાહકાર સમિતિએ ઉપરોકત ભલામણ કરી છે એમ ગણવામાં આવે. સભાગૃહે સંમતિ દર્શાવી. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે ગૃહની સંમતિ પ્રમાણે ઉપર પ્રમાણે કામકાજ ગોઠવવામાં આવશે.

૬. નાણા મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે લેખાનુદાન માટેના પ્રસ્તાવ પર વિચારણા કરવા અંગેની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી અને પ્રસ્તાવ રજૂ કર્યો કે સન ૧૯૭૧-૭૨ના નાણાકીય વર્ષના અંશતઃ સમય સારૂ અનુસૂચિમાં દર્શાવેલ વિભાગવાર સદરો અને માગણીઓ પ્રમાણેના અંદાજેલ ખર્ચ પરત્વે રૂ. ૯૫,૭૧,૮૬,૦૦૦થી વધુ નહિ એવી રકમ રાજ્યપાલશ્રીને અગાઉથી આપવામાં આવે.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ સુધારા માટેની નોટિસમાં સુધારો કઈ જાતનો અને શા માટે કરવામાં આવે છે એનાં કારણો બતાવ્યાં નથી એટલે એ સુધારાની દરખાસ્ત તેઓ સ્વીકારી શકતા નથી.

વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ સુધારો રજૂ કર્યો કે સન ૧૯૭૧-૭૨ના નાણાકીય વર્ષનો તા. ૩૦મી એપ્રિલ, સુધીનો ખર્ચ મર્યાદિત રૂ. ૨૪ કરોડથી વધે નહિ એવી રકમ રાજ્યપાલશ્રીને અગાઉથી આપવામાં આવે અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યા.

ઉપરોકત સુધારા ઉપર વિ. સ. સ., શ્રી પ્રતાપ શાહે સુધારો રજૂ કરવા અધ્યક્ષશ્રીની સંમતિ માગી. ઉપરોકત સુધારો સ્વતંત્ર રીતે આપવો જોઈએ એમ જણાવી અધ્યક્ષશ્રીએ તેનો અસ્વીકાર કર્યો.

ત્યારબાદ પ્રસ્તાવ અને શ્રી મનોહરસિંહજી જાડેજાના સુધારા પર એકી સાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચામાં ૧૩ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

**શુક્રવાર, તા. ૨૬મી માર્ચ, ૧૯૭૧.**

**સવારની બેઠક.**

૧. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન છેલ્લા દિવસે ચાલું રહ્યું.

હિસાબના મુખ્ય સદર "કયુ-રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ (ના. પુ. વિભાગ) અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ ઉપરોકત પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૨૪ અને ૨૬ રજૂ થયેલી જાહેર કરી.

ત્યારબાદ પૂરક માગણી અને કાપદરખાસ્તો પર એકીસાથે ચર્ચા થઈ. ચર્ચા બાદ કાપદરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી અને પૂરક માગણી મંજૂર કરવામાં આવી.

૨. ગૃહની સંમતિથી અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે સવારની બેઠકનો સમય ૧૧-૧૫ સુધીનો રહેશે અને ૧૦-૧૫ વાગ્યે પૂરક માગણીઓ પરની ચર્ચા પૂરી કરી ૧૦-૧૫ વાગ્યે બાકીની બધી પૂરક માગણીઓને તાબડતોબ મત ઉપર મૂકવામાં આવશે.

૩. ચર્ચા બાદ સવારના ૧૦-૧૫ વાગ્યા હોવાથી સન ૧૯૭૦-૭૧ના વર્ષ માટેનાં અનુદાનો માટેની બાકીની બધી પૂરક માગણીઓ ક્રમાંક ૬, ૯, ૧૦, ૧૧, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૫૧, ૫૩, ૫૬, ૯૭, ૯૮, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૯, ૭૨, ૭૭, ૮૩, ૮૬, ૯૦, ૯૯ અને ૯૪ પ્રભારી મંત્રીશ્રીઓએ એક પછી એક રજૂ કરી. પૂરક માગણીઓ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

**બપોરની બેઠક** — **અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને** — **બપોરના ૧૨--૦૦**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. લેખાનુદાન માટેના પ્રસ્તાવ પર ચર્ચા બીજા અને છેલ્લા દિવસે ચાલુ રહી. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે લેખાનુદાન પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન સાંજના ૪-૦૦ વાગ્યે ગીલોટીન દ્વારા પૂરાં કરવાના હોવાથી સભાગૃહનો સમય પ્રસ્તાવ પૂરતો સાંજના ૫-૦૦ વાગ્યા સુધીનો રહેશે અને ૪-૦૦ વાગ્યે ગીલોટીન બાદ બીજી ચર્ચા હાથ ધરવામાં આવશે.

ત્યારબાદ પ્રસ્તાવ પરની ચર્ચામાં વધુ ૧૧ સભ્યોએ અને બે મંત્રીશ્રીએ ભાગ લીધો.

સાંજના ૪-૦૦ વાગ્યા હોવાથી પ્રસ્તાવ પરનો વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાનો સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો અને મંત્રીશ્રીનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો.

૩. નીચે જણાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં.

(૧) સન ૧૯૭૧નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક.

(૨) સન ૧૯૭૧નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩- સન ૧૯૭૧નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.

**સોમવાર, તા. ૨૯મી માર્ચ, ૧૯૭૧**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી માધવલાલ શાહે મંત્રીપદેથી આપેલા તેમના રાજીનામા સંબંધમાં ખુલાસો કરતું નિવેદન કર્યું.

૩. વિ. સ. સ., શ્રી સનત મહેતાએ અધ્યક્ષશ્રીને વિનંતી કરી કે ભારત દેશના પાડોશી રાજ્યમાં ચાલતી ચળવળની બાબતમાં ગૃહ તેની લાગણી વ્યક્ત કરી શકે તે બાબતમાં અધ્યક્ષશ્રીએ સભાગૃહના નેતા તેમજ વિરોધપક્ષના નેતા સાથે ચર્ચા કરી યોગ્ય નિર્ણય કરવો. અધ્યક્ષશ્રી તે બાબતમાં સંમત થયા.

૪. નાગરિક પુરવઠા મંત્રી, શ્રી જ્યરામભાઈ પટેલે સને ૧૯૭૧-૭૨ની મોસમના ઘઉંની ખરીદીના ભાવો (પ્રોક્યોરમેન્ટ પ્રાઈસ) અને ભારત સરકાર તરફથી તે નકકી થાય ત્યાંસુધી ઘઉંની ખરીદી માટે કરેલી વ્યવસ્થા સંબંધમાં નિવેદન કર્યું.

૫. વિ. સ. સ., શ્રી વીરજી દાફડાએ, નિયમ ૧૧૬ અન્વયે. કચ્છ જિલ્લાના રાપર તાલુકાના ખાંડેક વગેરે ગામોનાં અનેક મજૂર કુટુંબો દુષ્કાળકામ સાથે સંકળાયેલ ફતેહગઢ આડેસર સડકના કામની મજૂરીની ચૂકવણી ને થતાં વખતો વખત પંચાયતના અધિકારીઓ, કલેકટર સાહેબ વગેરેને મળ્યા હતા અને ત્યારપછી છેલ્લે મંત્રી સાહેબને પણ મળ્યા હતા અને તેમણે આ પ્રશ્ન મોડામાં મોડો તા. ૨૦મી માર્ચ, ૧૯૭૧ પહેલાં પતાવી આપવાની ખાત્રી આપી હતી તે તારીખ વીતી ગયા છતાં પણ હજી પ્રશ્ન પત્યો નથી અને મજૂરોને ચૂકવણી થઇ નથી અને મજૂર કુટુંબો ભૂખે મરી રહ્યાં છે અને તેથી જે ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે તે પરિસ્થિતિ અંગે સરકારે લીધેલાં પગલાં તરફ મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મહેસૂલ મંત્રી, શ્રી પ્રેમજીભાઈ ઠક્કરે જણાવ્યું કે અમુક બાબતની પૂરતી માહિતી આવી ન હોવાથી તેઓ તા. ૩૦મી માર્ચ, ૧૯૭૧ના રોજ ઉપરોકત બાબતનું નિવેદન કરશે.

અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે તા. ૩૦મી માર્ચ, ૧૯૭૧ના રોજ બીજી ધ્યાન દોરતી સૂચના લેવાની હોઈ ઉપરોકત બાબત તા. ૩૧મી માર્ચ, ૧૯૭૧ના રોજ લેવામાં આવશે.

૬. (૧) વાહનવ્યવહાર મંત્રી, શ્રી શાંતિલાલ શાહે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોરપોરેશનનો સન ૧૯૬૯-૭૦નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

(૨) બાંધકામ મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે ધારાસભ્ય, શ્રી રતિલાલ ખુશાલદાસે ગાંધીનગરના બાંધકામ અંગે ઉપસ્થિત કરેલ મુદ્દાઓ અંગેનો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

(૩) મજૂર મંત્રી, શ્રી શાંતિલાલ શાહે સન ૧૯૬૮ ના બીડી અને સીગારેટ કામદારો (નોકરીની શરતો) નિયમો સુધારતી શિક્ષણ અને મજૂર વિભાગની તા. ૧૧મી માર્ચ, ૧૯૭૧ની અધિસૂચના

ક્રમાંક-કે-એચ-અસ-એચ-૨૬૯૨ (એ) બીસીએ-૧૦૭૦-૧૪૪૭૪-ટી, વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૭. સન ૧૯૭૧ના વિ. સ. વિધેયક ક્રમાંક-૨-સન ૧૯૭૧ના મુંબઈ મોટર વાહન (ઉતારુવેરા) (ગુજરાત સુધારા) વિધેયક પરની ચર્ચા શરૂ થઈ.

નાણા મંત્રીશ્રી સદર વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરતા હતા ત્યારે વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે પ્રણાલિકા અનુસાર સદર વિધેયક ચર્ચા માટે હાથ ધરી શકાય નહિ અને તે બાબતમાં તેમનાં મંતવ્યો રજૂ કર્યાં.

અન્ય સભ્યોને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નિયમ ૧૬ અન્વયે કયું સરકારી કામ ક્યારે લેવું તેનો અગ્રતાક્રમ સરકાર નક્કી કરે છે અને તેથી તેમણે સદર મુદ્દો નામંજૂર કર્યો.

ત્યારપછી વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ અધ્યક્ષશ્રી પાસે સ્પષ્ટતા માગી કે ઉપરોક્ત બિલની ચર્ચા અંગે જે મર્યાદા છે તે મર્યાદા ઓળંગીને ગૃહ ચર્ચા કરી શકશે કે કેમ.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે કામકાજની યાદીમાં લેખાનુદાન માટેનું વિધેયક હોવાથી ઉપરોક્ત વિધેયક પરની બધી ચર્ચા સાંજે ૪-૦૦ વાગ્યે બંધ રહેશે અને તે વખતે અધ્યક્ષશ્રી નાણા મંત્રીશ્રીને લેખાનુદાન વિધેયક દાખલ કરવાનું જણાવશે અને તે અંગેની બીજી કાર્યવાહી ગૃહ હાથ ધરશે અને લેખાનુદાન વિધેયક પસાર થયા બાદ બાકી રહેલી ચર્ચા હાથ ધરવામાં આવશે.

વિ. સ. વિધેયક ક્રમાંક-૨ પરની ચર્ચા અધૂરી રહી.

૮. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે તા. ૨૯મી માર્ચ, ૧૯૭૧ના રોજ બપોરના ૨-૩૫ વાગ્યે નીચે જણાવેલા ૧૬ સભ્યોએ તેમના ખંડમાં આવી જાહેર કર્યું છે કે સદર સભ્યો સંસ્થા કોંગ્રેસમાંથી રાજીનામું આપી શાસક કોંગ્રેસમાં જોડાયા છે:

(૧) શ્રી ઉદેસિંહ વડોદિયા

(૨) શ્રી મંગળદાસ પોલા

(૩) શ્રી માધવસિંહ સોલંકી

(૪) શ્રીમતી ગંગાબહેન વાઘેલા

(૫) શ્રી ઝીણાભાઈ વસાવા

(૬) શ્રીમતી સુમિત્રાબહેન ભટ્ટ

(૭) શ્રી ઝીણાભાઈ કણસાગરા

(૮) શ્રી કેશુભાઈ રાયચુરા

(૯) શ્રી ભાઈજીભાઈ તડવી

(૧૦) શ્રી ગુમાનસિંહજી વાઘેલા

(૧૧) શ્રી ત્રિકમલાલ પટેલ

(૧૨) શ્રી મનહરલાલ ચાવડા

(૧૩) શ્રી બહાદુરભાઈ પટેલ

(૧૪) શ્રી ફુલજીભાઈ પટેલ

(૧૫) શ્રી જ્યંતિલાલ શાહ

(૧૬) શ્રી રાયસિંહજી જાડેજા.

૯. વિ. સ. વિધેયક ક્રમાંક-૨ પરની ચર્ચા દરમ્યાન વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ જણાવ્યું કે તેઓ નિયમ ૩૯ અન્વયે અધ્યક્ષશ્રીની પરવાનગીથી પ્રસ્તાવ રજૂ કરવા માગે છે સદર વિધેયક પરની ચર્ચા મુલતવી રાખવામાં આવે અને તે ચર્ચા આવતી કાલે લેવામાં આવે અને તેમણે તે બાબતમાં તેમનાં મંતવ્યો રજૂ કર્યાં.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સદર પ્રસ્તાવ લેખાનુદાન જેવા મહત્ત્વના બિલની ચર્ચા અટકાવવાના અને મોડું કરવાના હેતુથી કરવામાં આવ્યો હોય તેમ જણાય છે અને તેથી અધ્યક્ષશ્રી સભ્યશ્રીને સદર પરવાનગી આપી શકે નહી.

૧૦. નીચે જણાવેલું વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૭૧નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક.

૧૧. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે વિશ્રાંતિ અગાઉ વિ.સ.સ., શ્રી સનત મહેતાએ પૂર્વ પાકિસ્તાન સંબંધે કરેલ સૂચન બાબતમાં અધ્યક્ષશ્રીએ ગૃહના નેતાશ્રી તેમજ વિરોધપક્ષના નેતાશ્રી સાથે ચર્ચા કરી છે પરન્તુ ચર્ચાનો સામાન્ય અભિપ્રાય રહ્યો છે કે સદર ચર્ચા ગૃહમાં ન થાય તો તે વધારે અનુકૂળ થશે.

**મંગળવાર, તા. ૩૦મી માર્ચ, ૧૯૭૧**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. નાણા મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે અધ્યક્ષશ્રીની પરવાનગીથી નાના ખેડુતોનું જમીન મહેસૂલ રદ કરવા બાબતનું તેમજ ટોચ મર્યાદાની જમીનના અમુક ટકા સુધીનાં ખાતાંને મુક્તિ આપવા વિચારણા કરવા બાબતનું નિવેદન કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે સામાન્ય રીતે સત્રના છેલ્લે દિવસે ગૃહની બેઠકનો સમય સવારનો હોય છે. પરંતુ સભ્યશ્રીઓ તેમજ કર્મચારીઓને અમદાવાદથી આવવાનું હોય છે અને તેથી તેમની અનુકૂળતા લક્ષમાં લઇ તા. ૩૧મી માર્ચ ૧૯૭૧ના રોજ ગૃહની બેઠકનો સમય બપોરના ૧૨-૦૦ થી સાંજના ૫-૦૦ સુધીનો રાખવામાં આવ્યો છે.

૪. વિ.સ.સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ તા. ૨૯મી માર્ચ ૧૯૭૧ના રોજ ગૃહમાં પૂર્વ બંગાળ વિષયની થયેલી કાર્યવાહીનો હવાલો આપી જણાવ્યું કે બીજાં રાજ્યોની વિધાનસભાગૃહમાં સદર બાબતની પરિસ્થિતિ અંગે નોંધ લેવાય છે તેમ આ ગૃહમાં પણ કાંઇક થાય તો સારૂં.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે વિનંતી ગૃહના નેતા અને વિરોધ પક્ષના નેતાને થઇ છે અને તેમણે ઇચ્છા વ્યકત કરી કે સદર નેતાશ્રીઓ તેનો જવાબ અત્યારે કે હવે પછી આપશે.

પરામર્શ વહેલી થવી જોઇએ અને તે બાબતની જાણ ગૃહને વિશ્રાંતિ પહેલાં થાય તો સારૂં એવા વિ.સ.સ., શ્રી માર્તંડરાય શાસ્ત્રીના સૂચન સાથે અધ્યક્ષશ્રી સંમત થયા.

૫. વિ. સ. સ., શ્રી પ્રતાપરાય શાહે, નિયમ-૧૧૬ અન્વયે, ભાવનગરની મહાલક્ષ્મી મીલ આશરે બે વર્ષ બંધ રહી ત્યારબાદ ગુજરાત ટેક્ષટાઇલ કોરપોરેશન તરફથી શરૂ કરવામાં આવી છે. પરંતુ તેમાં ફકત અડધી સંખ્યાના કામદારોને રોજી આપવામાં આવે છે અને તે પણ સ્થાનિક મજૂર મહાજનના કહેવા પ્રમાણેના કામદારોને જ રાખવામાં આવ્યા છે, અને કાયદેસર રીતે સિનિયોરિટી પ્રમાણેના કામદારોને રોજી આપવામાં આવી નથી તે અંગે કામદારોમાં ભારે અસંતોષ ફેલાયેલો છે તો તે અંગે ઊભી થયેલી પરિસ્થિતિ ઉપર રાજ્ય સરકારે લેવાનાં પગલાં તરફ મજૂર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મજૂર મંત્રી, શ્રી શાંતિલાલ શાહે તેમનું નિવેદન સાદર કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મજૂર મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૬. સભ્યોની ગૃહની બેઠકોમાંથી ગેરહાજરી અંગેની સમિતિના પ્રમુખ, શ્રી રામજીભાઇ ચૌધરીએ સમિતિનો નવમો અહેવાલ રજૂ કર્યો. સભાગૃહે ૩ સભ્યોએ માગેલી રજા મંજૂર કરી. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તદનુસાર સભ્યોને જણાવવામાં આવશે.

૭. નાણા મંત્રી, શ્રી બાબુભાઇ પટેલે સન ૧૯૬૯-૭૦ના ગુજરાત સરકારના નાણાંકીય હિસાબો અને વિનિયોગ હિસાબો તેમજ તે પરનો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

**૮. બિન-સરકારી વિધેયકો.—**

(અ) દાખલ કરવાનું વિધેયક

નીચે જણાવેલું બિન-સરકારી વિધેયક દાખલ કરવાની રજા પ્રભારી સભ્યશ્રી દિગ્વિજયસિંહજીને આપવામાં આવી અને સભ્યશ્રીએ વિધેયક દાખલ કર્યું.

સન ૧૯૭૧નું ગુજરાત પાણી-બગાડ નિવારણ વિધેયક.

(બ) પહેલા (ચાલુ), બીજા અને ત્રીજા વાચન માટેનું વિધેયક.

નીચે જણાવેલા વિધેયક પરની પહેલા વાચનની અધૂરી રહેલી ચર્ચા પૂરી કરવામાં આવી. ચર્ચાબાદ પ્રસ્તાવ મત માટે મુકાતાં તે નામંજૂર થયો. વિધેયક નામંજૂર થયું.

સન ૧૯૭૦નું વિ.સ. વિધેયક ક્રમાંક-૨૦-સન ૧૯૭૦નું ગુજરાત અવશિષ્ટ સ્વત્વાર્પણ નાબુદી (રદ કરવા બાબત) વિધેયક.

(ક) **પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના વિધેયક.—**

નીચે જણાવેલાં બિન-સરકારી વિધેયકોનાં પહેલા વાચન માટેના પ્રસ્તાવો રજૂ થયા, તેના પર ચર્ચા થઇ અને ચર્ચા બાદ પ્રસ્તાવો મત માટે મુકાતાં પ્રસ્તાવો નામંજૂર થયા. વિધેયકો નામંજૂર થયાં.

(૧) સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૯-સન ૧૯૬૯નું મુંબઇ મહેસૂલ હકુમત (ગુજરાત સુધારા) વિધેયક. (પ્રભારી સભ્ય, શ્રી ગૌરીશંકર પાઠક).

(૨) સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૪-સન ૧૯૭૦નું ગુજરાત સેવા વિધેયક. (પ્રભારી સભ્ય, શ્રી મનોહરસિંહજી જાડેજા).

(૩) સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક ક્રમાંક -૨૩-સન ૧૯૭૦નું ગુજરાત ઔદ્યોગિક કામદારો માટે મકાનોની જોગવાઇ કરવા બાબત વિધેયક.(પ્રભારી સભ્ય, શ્રી મનુભાઇ પાલખીવાળા).

(૪) પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનાં વિધેયક ક્રમાંક-૩૧, ૨૪ અને ૪૨ પ્રભારી સભ્યોની ગેરહાજરીને કારણે લઇ શકાયાં નહિ.

**બુધવાર, તા. ૩૧મી માર્ચ, ૧૯૭૧.**

અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે રાજ્યપાલશ્રીના સચિવાલય તરફથી તેમને જણાવવામાં આવ્યું છે કે મંત્રી મંડળે રાજીનામું આપ્યું છે. તે સંજોગોમાં તેઓશ્રી સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત સુધી મુલતવી રાખે છે.

**બુધવાર, તા. ૨૮મી એપ્રિલ, ૧૯૭૧.**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. વિ.સ.સ., શ્રી સનત મહેતાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે સ્વતંત્ર પક્ષના સભ્યો તેમજ જનસંઘના એક સભ્યશ્રીના ટેકાથી સરકારની રચના થયા પછી

સભાગૃહમાં ઉપરોકત બંને પક્ષના સભ્યોની બેઠકની ગોઠવણ એવી રીતે થવી જોઈએ કે તેઓ બધા સત્તાધારી પક્ષના સભ્યો સાથે બેસે.

અન્ય સભ્યોને સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભાગૃહમાં બેઠકો ફાળવવાનો સિધ્ધાંત એ છે કે વિભાજન વખતે એક બાજુ મત આપનારા મત ગણત્રી વખતે સાથે રહે કે જેથી મત-ગણત્રીનું પરિણામ જાહેર કરતી વખતે અધ્યક્ષને મુશ્કેલી પડે નહી સદર બાબત સ્વતંત્ર પક્ષના નેતાના ધ્યાન ઉપર લાવવામાં આવી છે. પરંતુ આજે એક જ દિવસ સભાગૃહ મળવાનું હોવાથી બેઠકોમાં કાંઈ ફેરફાર કર્યો નથી. કારણ કે સામાન્ય રિવાજ પ્રમાણે સંબંધકર્તા પક્ષોના દંડકો માર-ફતે અધ્યક્ષ આવી જાતનો ફેરફાર કરવો જોઈએ. પરંતુ કેટલાક પક્ષોએ તેમના દંડકોની નિમણુક અંગે તેમની પાસે જાહેરાત પણ કરી નથી. એટલે ચાલુ બેઠકોની વ્યવસ્થા કાયમને માટે નથી.

વિ.સ.સ., શ્રી માર્તંડરાય શાસ્ત્રીએ વિનંતી કરી કે જ્યારે જ્યારે પ્રધાનમંડળમાં અને તેમનાં ખાતાઓની ફેરબદલી થાય ત્યારે તેની યાદી સભ્યોને મોકલવામાં આવે તો સભ્યોને તેમનું કામ કામ કરવામાં વધુ સવલત રહે.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેવી યાદીઓ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે અને માનનીય સભ્યોને ગેઝેટની નકલ પણ મળેલ છે પરંતુ તેવી માહિતી વિધાનસભા સચિવલય મારફતે સ્વતંત્ર રીતે પણ સભ્યોને મોકલવાનો રિવાજ રાખવામાં આવે તો તે બાબતમાં સભ્યોનું સીધું ધ્યાન ખેંચાશે.

૩. (૧) અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે આ સભાગૃહના માનનીય સભ્ય, શ્રી ઉત્તમભાઈ પટેલે પોતાના સભ્યપદનું રાજીનામું આપ્યું છે.

(૨) અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે ખાતરી સમિતિના પ્રમુખ, વિ.સ.સ., શ્રી ઈન્દુભાઈ પટેલ મંત્રીમંડળમાં જોડાયા હોવાથી ખાતરી સમિતિના પ્રમુખ તરીકે વિ.સ.સ., શ્રી સુલેમાન ઉનિયાની તેઓ નિમણૂક કરે છે.

૪. વિ.સ.સ., શ્રી જસવંતરાય મહેતાએ ડાય એમોનીયમ ફોસ્ફેટના ભાવમાં ૧૫ ટકાના વધા-રાને રોકવા સરકાર નિષ્ફળ ગઈ હોવાથી સભાગૃહ મોકૂફ રાખવાનો પ્રસ્તાવ રજૂ કરવાની સભાગૃહની સંમતિ માગતો પ્રસ્તાવ રજૂ કર્યો અને તે અંગે તેમના મંતવ્યો રજૂ કર્યા. સભાગૃહે સંમતિ આપ્યા બાદ અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સાંજે ૪-૦૦ વાગ્યે ઉપરોકત ચર્ચા માટે સભાનું કામકાજ મોકૂફ રાખવામાં આવશે. અને ૬-૦૦ વાગ્યા સુધી સભા મોકૂફીના પ્રસ્તા-વની ચર્ચા કરવામાં આવશે અને સભાગૃહનું બીજું કામકાજ અધૂરું રહ્યું હશે તો સભાગૃહની સંમતિથી તે ત્યારબાદ હાથ ધરવામાં આવશે.

૫. (૧) સહકાર મંત્રી, શ્રી જયરામભાઈ પટેલે ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૬૯-૭૦નો વાર્ષિક અહેવાલ વિધાન સભાના મેજ ઉપર મૂકયો.

(૨) ગૃહ નિર્માણ મંત્રી, શ્રી શાંતિલાલ શાહે ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડના સન ૧૯૭૧-૭૨ન વર્ષનું અંદાજપત્ર, કાર્યક્રમ અને મહેકમ દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

(૩) નાણા મંત્રી, શ્રી બાબુભાઇ પટેલે સન ૧૯૬૯ના ગુજરાત વેચાણવેરા અધિનિયમ અન્વયે આપવાના વેરામાંથી મુકિત આપતી નાણા વિભાગની તા. ૨૯મી એપ્રિલ, ૧૯૭૦ની અધિસૂચના ક્રમાંક: જીએચએન-૬૨૭(જીએસટી-૧૦૭૦-એસ.૪૯. ટીએચમાં) સુધારો કરતી નાણા વિભાગના તા ૨૨મી માર્ચ, ૧૯૭૧ની બે અધિસૂચનાઓ ક્રમાંક:જીએચએન ૧૯:જીએસટી ૧૦૭૧/એસ૪૯) (૧૩)ટીએચ અને ક્રમાંક જીએચએન-૨૦(જીએસટી ૧૦૭૧)એસ. ૪૯ (૧૪)-ટીએચ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૪) વાહનવ્યવહાર મંત્રીશ્રી, શાંતિલાલ શાહે સન ૧૯૫૯ના મુંબઇ મોટર વાહન કર નિયમો સુધારતી ગૃહ વિભાગની તા. ૧૭મી માર્ચ, ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક જીએચ/જી/૨૦૮૫-એમટીએ-૧૭૬૨-૪૨૪૨-ઇ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૫) નાણા મંત્રી, શ્રી બાબુભાઇ પટેલે સન ૧૯૬૯ના ગુજરાત વેચાણવેરા અધિનિયમ અન્વયે આપવાના વેરામાંથી મુકિત આપતી નાણા વિભાગની તા. ૨૯મી એપ્રિલ, ૧૯૭૦ની અધિસૂચના ક્રમાંક:જીએચએન-૬૨૭:(જીએસટી-૧૦૭૦/એસ.૪૯) ટીએચમાં સુધારો કરતી નાણા વિભાગની તા. ૧૩મી એપ્રિલ, ૧૯૭૧થી અધિસૂચના ક્રમાંક:જીએચએન ૨૫:(જીએસટી-૧૦૭૧/એસ.૪૯) (૧૫)-ટીએચ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૬) પંચાયત વિભાગના નાયબ મંત્રી, શ્રી જમુભાઇ ભટ્ટે સન ૧૯૬૪ના ગુજરાત પંચાયતને ફાળવેલા નોકરોને રાજ્ય સેવામાં ફરી ફાળવવા બાબતના નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાની તા. ૬ઠી એપ્રિલ, ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક કેપી/૭૧-૩૯/પીઆર-આર-૫૪(૧)(૭૧)-જેએચ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૭) વાહનવ્યવહાર મંત્રી, શ્રી શાંતિલાલ શાહે સન ૧૯૬૨ના ગુજરાત કેરેજ ઓફ ગુડઝ ટેક્ષેસન અધિનિયમ અન્વયે આપવાના વેરામાંથી મુકિત આપતી ગૃહ વિભાગની તા. ૨૯મી માર્ચ, ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક જીએચ/જી/૨૦૯૭/એમટીએ-૧૭૭૧-૫૯૭:-ઇ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૮) વાહનવ્યવહાર મંત્રી, શ્રી શાંતિલાલ શાહે સન ૧૯૫૮ના મુંબઇ મોટર વાહન કર અધિ-અધિનિયમ અન્વયે આપવાના વેરામાંથી મુકિત આપતી ગૃહ વિભાગની તારીખ ૨૯મી માર્ચ ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક : જીએચ/જી/૨૦૯/એમટીએ-૧૭૭૧-૫૯૭:ઇ વિધાનસભાની મેજ ઉપર મૂકી.

(૯) વાહનવ્યવહાર મંત્રી, શ્રી શાંતિલાલ શાહે સન ૧૯૫૮ના મુંબઇ મોટર વાહન કર અધિનિયમ અન્વયે આપવાના વેરામાંથી મુકિત આપતી ગૃહ વિભાગની તા. ૫મી એપ્રિલ, ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક જીએચ/જી/૫૧/એમટીએ/૧૭૬૬/૨૧૪૬૫/ઇ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૧૦) નાણા મંત્રી, શ્રી બાબુભાઇ પટેલે રાજ્ય સરકારે તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૭૧થી તા. ૧૫મી એપ્રિલ, ૧૯૭૧ સુધીમાં આપેલી બાંયધરીની વિગત દર્શાવતું પત્રક તથા સન ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી સરકારે બાંયધરી અંગે કરેલી ચૂકવણી ખર્ચ દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂકયું

૬. સંસદીય બાબતોના મંત્રી, શ્રી વિજયકુમાર ત્રિવેદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે નિયમો માટેની સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે આ સભાગૃહ સંમત થાય. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

૭. સરકારી વિધેયકો.—(૧) સન ૧૯૭૧નું વિ. સ. વિધેયક માંક-૨-સન ૭૧નું મુંબઇ મોટર વાહન (ઉતારુવેરા) ગુજરાત સુધારા વિધેયક સભાગૃહની સંમિતથી પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૨) સન ૧૯૭૦નું વિ.સ. વિધેયક ક્રમાંક-૮-સન ૧૯૭૦નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક સભાગૃહની સંમતિથી પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૩) સન ૧૯૬૯નું વિ.સ. વિધેયક ક્રમાંક-૨૮-સન ૧૯૬૯નું ગુજરાત પશુચિકિત્સક વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૪) સન ૧૯૭૦નું વિ.સ. વિધેયક ક્રમાંક-૩-સન ૧૯૭૦નું ગુજરાત પંચાયત(સુધારા)વિધેયક રજૂ કરવામાં આવ્યું નહિ.

૮. વિ.સ.સ., શ્રી સોમાભાઇ દેસાઇએ, નિયમ ૧૦૪ અન્વયે, પ્રસ્તાવ રજૂ કર્યો કે રાજ્યમાં કેળવણી ક્ષેત્રે વ્યાપક અંધાધૂંધી લોકશાહીના વિકામાં રૂકાવટ છે. બીજી તરફ એસ.એસ.સી. સુધીની કેળવણી તમામ વિદ્યાર્થીઓને મફત આપવાની નીતિ અમલમાં ન મૂકી રાજ્ય સરકારે વિશાળ ગરીબ વર્ગને કેળવણીથી વંચિત રાખી લોકશાહીના મુક્ત વિકાસમાં આડખીલી નાખી છે. આથી આ સભા આ સરકારને કેળવણીનું માળખુ સુધારવા અને એસ.એસ.સી. સુધીના વિદ્યાર્થીઓને મફત કેળવણી આપવા તાકીદનાં પગલાં ભરવા વિનંતી કરે છે. અને તે અંગે તેમના મંતવ્યો રજૂ કર્યા. ચર્ચામાં ૪ સભ્યોએ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચા પૂરી થઇ.

૯. વિ.સ.સ. શ્રી જસવંતરાય મહેતાએ રજૂ કર્યો કે સભાગૃહને મોકૂફ રાખવામાં આવે અને તે અંગે તેમના મંતવ્યો રજૂ કર્યા. ચર્ચામાં ૧૬ સભ્યશ્રીઓ અને ૧ મંત્રીશ્રી, ૧ નાયબ મંત્રીશ્રીએ ભાગ લીધો.

ચર્ચામાં સરકારવતી ખેતીવાડી મંત્રી, શ્રી જયદિપસિંહજીએ ખુલાસા કર્યા. સભ્યોએ ચર્ચામાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા. પ્રસ્તાવ રજ કરનાર સભ્ય શ્રી જસવંતરાય મહેતા ચર્ચાનો જવાબ આપતા હતા તે દરમિયાન છ વાગવાથી નિયમ ૧૧૧ અન્વયે અધ્યક્ષશ્રીએ ચર્ચા બંધ કરી,.

૧૦. જે અતારાંકિત પ્રશ્નોના જવાબો સરકાર તરફથી આજસુધીમાં આવ્યા પણ જેની યાદી છપાઇ શકાઇ નહોતી તેને ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

૧૧. સભાગૃહનું કામકાજ સાંજના ૬-૧૫ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત સુધી મોકૂફ રહી.

ત્યારબાદ રાજ્યપાલશ્રીએ તા. ૯ઠ્ઠી મે ૧૯૭૧ના રોજ સત્ર સમાપ્ત કર્યું.

ત્યારબાદ રાષ્ટ્રપતિએ તા. ૧૩મી મે, ૧૯૭૧ના રોજ સભાગૃહનું વિસર્જન કર્યું.

પત્રક ક્રમાંક—૪

પત્રક ક્રમાંક—૪

## તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)

| પ્રશ્નનો પ્રકાર | મળેલ સૂચ-નાઓ | દાખલ કર્યા | દાખલ ન કર્યા | પાછા ખેંચી લીધા | સ્પષ્ટીકરણ માટે | | કલબ (એક-ત્રિત) | ગૃહમાં જવાબ આપ્યા | અધિ-વેશન સમાપ્ત થતાં નિયમ ૨૧ અન્વયે તથા અન્ય કારણોસર રદ થયેલા પ્રશ્નો | સમયના અભાવે રજૂ ન થવાથી નિયમ ૮૪-બ અન્વયે સભા-ગૃહના મેજ પર મૂકયા | નિયમ ૫૬ અન્વયે માનનીય અધ્ય-ક્ષશ્રીના આદેશા-નુસાર રદ થયેલા પ્રશ્નો | અધિ-વેશન સમાપ્તીના દિવસે બાકી જવા-બોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | વિભાગને | સભ્યને | | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| તારાંકિત | ૫૮૭ | @ ૩૩૨ | ૧૯૨ | ... | ... | ... | × ૩૫ | ૩૧૬ | ... | ... | ૨૧£ | ... |
| અતારાંકિત | ૭૨૪ | ૩૧૭= | ૩૬૭ | ૧ | ... | ... | ૨ | ૧૫૭+ | ... | ૧૨ | ૧૪૦$ | ૧૩૦ |
| ટૂંકી મુદતના | ૬૬ | ૧૩ | ૪૯ | ... | ... | ... | ૪ | ૬ | *૬ | ... | ... | ... |

@આમાં પ્રશ્ન પૂછનાર સંબંધિત સભ્યની મંત્રીશ્રી તરીકે નિમણૂક થતાં માનનીય અધ્યક્ષશ્રીના, નિયમ-પ૬ અન્વયેના, આદેશથી રદ થયા હતા તેવા ૧૬ પ્રશ્નોનો અને એક પ્રશ્નને ટૂંકી મુદતના પ્રશ્નમાંથી તારાંકિત તરીકે ફેરવવામાં આવ્યો હતો તેનો સમાવેશ થાય છે.

×આમાંથી એક પ્રશ્ન કલબ કરવાના આદેશ થયા બાદ નિયમ-પ૬ અન્વયેના માનનીય અધ્યક્ષશ્રીના આદેશથી સંબંધિત સભ્યની મંત્રી તરીકે નિમણૂક થતાં રદ થયો હતો.

£આમાં નિશાની @ આગળની નોંધમાં બતાવેલ ૧૬ નિશાની× આગળની નોંધમાં બતાવેલ એક અને ચાર પ્રશ્નોની સૂચનાઓની ચકાસણી કરતા પહેલા તે જ ધોરણે રદ થયેલ તેનો સમાવેશ થાય છે.

=આમાં ૯૫ પ્રશ્નો એવા હતા કે પ્રશ્ન પૂછનાર સબંધિત સભ્યે મંત્રીશ્રી તરીકે નિમણૂક થતાં માનનીય અધ્યક્ષશ્રીના, નિયમ-પ૬, અન્વયેના આદેશથી રદ થયા હતા અને એક ટૂંકી મુદતની સૂચનાને અતારાંકિત તરીકે દાખલ કરવામાં આવેલ હતી તેનો સમાવેશ થાય છે.

+આમાં નવમું અધિવેશન, ૧૯૭૦ માટે દાખલ કરવામાં આવેલા પરંતુ જેના જવાબો ન આવવાથી, તે સત્ર દરમિયાન રજૂ ન થઈ શક્યા તેવા ૬૩ અતારાંકિત પ્રશ્નો (જેમાંથી ૫ નિયમ ૫૬ અન્વયેના આદેશથી રદ થયા) અને આ અધિવેશન દરમિયાન ૨૫ તારાંકિત પ્રશ્નોમાંથી અતારાંકિત તરીકે દાખલ કરવામાં આવેલ (જેમાંથી ૫ નિયમ ૫૬ અન્વયેના આદેશથી રદ થયા) તેનો સમાવેશ થાય છે. અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની કુલ ૪ યાદીઓ ગૃહમાં રજૂ થઈ હતી.

§આમાં નિશાની = આગળના નોંધમાં બતાવેલ ૯૫, નિશાની+ આગળની નોંધમાં બતાવેલ ૧૦ અને ૩૫ પ્રશ્નોની ચકાસણી કરતાં પહેલા તે જ ધોરણે રદ થયેલા તેનો સમાવેશ થાય છે.

*આમાં એક પ્રશ્ન નિયમ-૨૧ અન્વયે રદ થયો હતો અને પાંચ પ્રશ્નોમાં સંબંધિત મંત્રીશ્રીએ તાત્કાલિક જવાબ આપવાની ના પાડવાથી રદ થયા હતા જેમાંથી એક પ્રશ્નને અતારાંકિત તરીકે દાખલ કરવામાં આવ્યો હતો.

## પત્રક ક્રમાંક ૫

### તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| વિભાગ | મળેલ સૂચના | તારાંકિત તરીકે દાખલ કર્યા | તારાંકિત-માંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધા | સ્પષ્ટીકરણ માટે: વિભાગને | સ્પષ્ટીકરણ માટે: સભ્યને | કલબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યા | અધિવેશન સમાપ્ત થતાં નિયમ-૨૧ અન્વયે રદ થયેલ પ્રશ્નો | નિયમ-૫૬ અન્વયે માન. અધ્યક્ષશ્રીના આદેશ મુજબ રદ થયેલ પ્રશ્નો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| સામાન્ય વહીવટ | ૧૧ | ૫ | ૧ | ૫ | ... | ... | ... | ... | ૪ | ... | ૧ |
| નાણાં | ૮ | ૩ | ... | ૫ | ... | ... | ... | ... | ૩ | ... | ... |
| જાહેર બાંધકામ | ૮૨ | ૫૫ | ૨ | ૨૩ | ... | ... | ... | ૨ | ૫૧ | ... | ૪ |
| કાયદા | ૫ | ૨ | ૧ | ૨ | ... | ... | ... | ... | ૨ | ... | ... |
| મહેસૂલ | ૮૧ | ૪૨ | ૪ | ૩૩ | ... | ... | ... | ૨ | ૩૮ | ... | ૪ |
| પંચાયત અને આરોગ્ય | ૭૫ | ૪૪ | ૨ | ૨૩ | ... | ... | ... | ૩ | ૪૨ | ... | ૫ |
| શિક્ષણ અને મજૂર | ૬૭ | ૩૮ | ૩ | ૧૭ | ... | ... | ... | ૮ | ૩૮ | ... | ૨ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગૃહ | ૧૧૩ | ૬૨ | ૬ | ૪૨ | ... | ... | ... | ૪ | ૬૨ | ... | ... |
| નાગરિક પુરવઠા | ૧૨ | ૫ | ૧ | ૩ | ... | ... | ... | ૩ | ૫ | ... | ... |
| ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૬૮ | ૩૮ | ... | ૨૨ | ... | ... | ... | ૭ | ૩૮ | ... | ૧ |
| ખેતી, વન અને સહકાર | ૬૫ | ૩૭ | ૫ | ૧૭ | ... | ... | ... | ૬ | ૩૩ | ... | ૪ |
| કુલ | ૫૮૭ | ૩૩૧ | ૨૫ | ૧૯૨ | ... | ... | ... | ૩૫ | ૩૧૬ | ... | ૨૧ |

પત્રક

અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર

| વિભાગ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | અગાઉ દાખલ કરેલ પરંતુ ગત સત્રમાં જવાબ ન આવવાથી રજૂ થયેલા | દાખલ ન કરેલા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| સામાન્ય વહીવટ | ૧૩ | ૨ | ૧ | ૧ | ૧૧ |
| નાણા | ૧૩ | ૬ | ... | ... | ૬ |
| જાહેર બાંધકામ | ૧૪૧ | ૮૪ | ૨ | ૧૫ | ૫૪ |
| કાયદા | ૫ | ૫ | ૧ | ૨ | ... |
| મહેસૂલ | ૯૫ | ૪૧ | ૪ | ૯ | ૪૦ |
| પંચાયત અને આરોગ્ય | ૧૨૮ | ૬૨ | ૨ | ૧૫ | ૬૧ |
| શિક્ષણ અને મજૂર | ૬૦ | ૨૯ | ૩ | ૫ | ૩૦ |
| ગૃહ | ૧૫૨ | ૪૭ | ૬ | ૧૦ | ૯૪ |
| નાગરિક પુરવઠા | ૧૪ | ૩ | ૧ | ... | ૧૧ |
| ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૫૪ | ૧૬ | ... | ૨ | ૩૬ |
| ખેતી, વન અને સહકાર | ૪૯ | ૨૧ | ૫ | ૪ | ૨૭ |
| કુલ... | ૭૨૪ | ૩૧૬ | ૨૫ | ૬૩ | ૩૭૦ |

ક્રમાંક ૬

માહિતી (આંકડામાં)

| પાછા ખેંચી લીધા | સ્પષ્ટીકરણ માટે — વિભાગને | સ્પષ્ટીકરણ માટે — સભ્યને | કલબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યા | નિયમ-ગઢ અન્વયેના મા. અધ્યક્ષશ્રીના આદેશ મુજબ રદ થયેલા પ્રશ્નો | સમયના અભાવે રજૂ ન થવાથી નિયમ ૮૪-બ અન્વયે ગૃહના મેજ પર મૂકયા |
|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ... | ... | ... | ... | ૪ | ... | ... |
| ... | ... | ... | ... | ૩ | ૧ | ... |
| ... | ... | ... | ૧ | ૩૦ | ૧૬ | ... |
| ... | ... | ... | ... | ૨ | ૨ | ૨ |
| ... | ... | ... | ૧ | ૨૪ | ૩૬ | ૧ |
| ૧ | ... | ... | ... | ૩૦ | ૨૩ | ... |
| ... | ... | ... | ... | ૧૭ | ૧૧ | ... |
| ... | ... | ... | ... | ૧૬ | ૨૯ | ૭ |
| ... | ... | ... | ... | ૪ | ... | ... |
| ... | ... | ... | ... | ૫ | ૭ | ... |
| ... | ... | ... | ... | ૨૨ | ૫ | ૨ |
| ૧ | ... | ... | ૨ | ૧૫૭ | ૧૩૦ | ૧૨ |

પત્રક

સરકારી

| અનુ-ક્રમાંક | સરકારી વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી મંત્રીશ્રીનું નામ | દાખલ કર્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક નં. ૨૮, સન ૧૯૬૯નું ગુજરાત પશુ-ચિકિત્સક વિધેયક. | ખેતી, વન અને સહકાર | શ્રી જયદીપસિંહજી, કૃષિ મંત્રીશ્રી | ૨૮-૪-૭૧ |
| ૨. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં. ૩, સન ૧૯૭૦નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય | શ્રી ઠાકોરભાઈ દેસાઈ, પંચાયત મંત્રીશ્રી | ... |
| ૩. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં. ૮, સન ૧૯૭૦નું ગુજરાત ખેતી ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક. | ખેતી, વન અને સહકાર | શ્રી જયરામભાઈ પટેલ, સહકાર મંત્રીશ્રી | ૨૮-૧૧-૭૦ |
| ૪. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં. ૧૭, સન ૧૯૭૦નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક. | જાહેર બાંધકામ | શ્રી પ્રેમજીભાઈ ઠક્કર, વસવાટ નિયંત્રણ મંત્રીશ્રી | ... |
| ૫. | સન ૧૯૭૧નું વિ. સ. વિધેયક નં. ૨, સન ૧૯૭૧નું મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) (ગુજરાત સુધારા) વિધેયક. | નાણાં | શ્રી બાબુભાઈ પટેલ, નાણાં મંત્રીશ્રી | ૨૯-૩-૭૧ |

ક્રમાંક—૭

વિધેયકો

| પહેલા વાચનની તારીખ | બીજા વાચનની તારીખ | ત્રીજા વાચનની તારીખ | સુધારા: જેની સૂચના મળી | સુધારા: જે રજૂ કરવામાં આવ્યા | સુધારા: જે પસાર કરવામાં આવ્યા | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૨૮-૪-૭૧ | ૨૮-૪-૭૧ | ૨૮-૪-૭૧ | ૨ | ૨ | ૧ | ... |
| ... | ... | ... | ... | ... | ... | વિધેયક રજૂ કરવામાં ન આવ્યું. |
| ૨૮-૧૧-૭૦<br>૨૮-૪-૭૧ | ૨૮-૪-૭૧ | ... | ૩ | ૩ | ... | પ્રભારી મંત્રીશ્રીએ નિયમ ૧૪૮ હેઠળ વિધેયક પાછું ખેંચવાની સભાગૃહની પરવાનગી માંગી, જે આપવામાં આવી. |
| ... | ... | ... | ... | ... | ... | વિધેયક રજૂ ન થયું. |
| ૨૯-૩-૭૧ | ... | ... | ... | ... | ... | પ્રભારી મંત્રીશ્રીએ નિયમ ૧૪૮ હેઠળ વિધેયક પાછું ખેંચવાની સભાગૃહની પરવાનગી માગી, જે આપવામાં આવી. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૬. | સન ૧૯૭૧નું વિ. સ. વિધેયક નં. ૩, સન ૧૯૭૧નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય | શ્રી માધવલાલ શાહ, નગરપાલિકા મંત્રીશ્રી | ૨૬-૩-૭૧ |
| ૭. | સન ૧૯૭૧નું વિ. સ. વિધેયક નં. ૪, સન ૧૯૭૧નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક. | નાણાં | શ્રી બાબુભાઈ પટેલ, નાણાં મંત્રીશ્રી | ૨૬-૩-૭૧ |
| ૮. | સન ૧૯૭૧નું વિ. સ. વિધેયક નં. ૫, સન ૧૯૭૧નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક. | નાણાં | શ્રી બાબુભાઈ પટેલ, નાણાં મંત્રીશ્રી | ૨૯-૩-૭૧ |

| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૨૬-૩-૭૧ | ૨૬-૩-૭૧ | ૨૬-૩-૭૧ | ૧ | ૧ | ... | ... |
| ૨૬-૩-૭૧ | ૨૬-૩-૭૧ | ૨૬-૩-૭૧ | ... | ... | ... | ... |
| ૨૯-૩-૭૧ | ૨૯-૩-૭૧ | ૨૯-૩-૭૧ | ... | ... | ... | ... |

## પત્રક ક્રમાંક—૮

### સન ૧૯૭૦-૭૧ના વર્ષ માટેની પૂરક માગણીઓ

| રજૂ થયેલી પૂરક માગણી-ઓની સંખ્યા | ચર્ચાયેલી માગણીઓ | | | ચર્ચા વગર પસાર (ગિલોટીન) થયેલ પૂરક માગણી-ઓની સંખ્યા |
|---|---|---|---|---|
| | અનુક્રમ | માગણી નંબર | હિસાબનું મુખ્ય સદર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬૦ | ૧ | ૧ | ૧૮–સંસદ, રાજ્ય અને સંઘ પ્રદેશોના વિધાનમંડળો<br>(સામાન્ય વહીવટ વિભાગ) | ૪૯ |
| | ૫ | ૨ | ૧૯–સામાન્ય વહીવટ<br>(સામાન્ય વહીવટ વિભાગ) | |
| | ૬ | ૫ | ૨૬–પરચૂરણ ખાતાં,<br>૩૯–પરચૂરણ, સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો,<br>૭૧–પરચૂરણ<br>(સામાન્ય વહીવટ વિભાગ) | |
| | ૩ | ૪૩ | ૨૩–પોલીસ<br>(ગૃહ વિભાગ) | |
| | ૭ | ૪૭ | ૩૫–ઉદ્યોગો<br>(ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ) | |
| | ૪ | ૫૮ | ૧૯–સામાન્ય વહીવટ<br>(નાગરિક પુરવઠા વિભાગ) | |
| | ૨ | ૯૨ | ક્યુ–રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ<br>(ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ) | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| | ૮ | ૫૨ | ૩૧-ખેતી<br>(ખેતી, વન અને સહકાર વિભાગ) | |
| | ૯ | ૬૨ | ૯૮--બહુલક્ષી નદી યોજનાઓ અંગે મૂડી જોગવાઈ,<br><br>૯૯--સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (વાણિજ્યિક)<br>૧૦૦--સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (બિન-વાણિજ્યિક)<br>(જાહેર બાંધકામ વિભાગ) | |
| | ૧૦ | ૧૭ | ૪૨--બહુલક્ષી નદી યોજનાઓ,<br>૪૩--સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (વાણિજ્યિક)<br>૪૪--સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (બિન-વાણિજ્યિક)<br>(જાહેર બાંધકામ વિભાગ) | |
| | ૧૧ | ૯૬ | કયુ--રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ<br>(નાગરિક પુરવઠા વિભાગ) | |

### પત્રક ક્રમાંક--૯

### સભા મોકૂફીનો પ્રસ્તાવ

| મળેલ સૂચના-ઓની સંખ્યા | અધ્યક્ષશ્રીએ સંમતિ આપેલી સૂચનાઓની સંખ્યા | સંમતિ આપેલ સૂચનાનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યોનાં નામ | ગૃહની અનુમતિ માગ્યાની તારીખ | જો અનુમતિ આપી હોય, તો ચર્ચા કર્યાની તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૧ | ડાય એમોનિયમ ફોસ્ફેટ ડી. એ. પી.ના ખાતરના ભાવોમાં થયેલ વધારા અંગે. | સર્વશ્રી જશવંત મહેતા પ્રતાપ શાહ, રતિલાલ ખુશાલદાસ અને ચંદ્રકાન્ત પરીખ. | ૨૮મી એપ્રિલ, ૧૯૭૧. | ૨૮મી એપ્રિલ, ૧૯૭૧. | સમય પૂરો થઈ જતાં ચર્ચા બંધ કરવામાં આવી હતી. |

## પત્રક ક્રમાંક-૧૦

### ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

| મળેલી સૂચનાઓની સંખ્યા. | નામંજૂર કરેલી પાછી ખેંચી લીધેલી, વગેરે | દાખલ થયેલી | દાખલ થયેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | બાબત પર ધ્યાન દોર્યા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૩૮ | ૨૬ | ૬(૧૨ સૂચનાઓમાંથી એકત્રિત કરીને) | ૧. સુરેન્દ્રનગર જીલ્લામાં એક દુકાનમાંથી પોલીસે હાથ કરેલા બોમ્બ. | શ્રી મનોહરસિંહજી જાડેજા | ૧૭-૩-૭૧ |
| | | | ૨. અમદાવાદની માણેકચોક મીલ બંધ પડતાં કામદારોની રોજી ઝૂંટવાઈ જતાં ઉભી થયેલી પરિસ્થિતિ. | સર્વશ્રી મનુભાઈ હ. પાલખીવાળા એ. ટી. કુંદીવાલા, હરિભાઈ આર. ડોરીયા. માનાભાઈ રે. ભાંભી સોમાભાઈ સી. દેસાઈ. | ૧૮-૩-૭૧ |
| | | | ૩. મહુવામાં માછીમારોનાં ઝુંપડાં બળી જતાં પેદા થયેલી પરિ--સ્થિતિ અને રાજ્ય સરકારે લીધેલાં તાકીદનાં પગલાં. | સર્વશ્રી જશવંત મહેતા અને પ્રતાપ શાહ. | ૨૨-૩-૭૧ |
| | | | ૪. ભાવનગરની મહાલક્ષ્મી મીલમાં કામદારોને સીનીયોરીટી પ્રમાણે રોજી નહી અપાતાં ફેલાયેલ અસંતોષ. | શ્રી પ્રતાપ શાહ. | ૩૦-૩-૭૧ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| --- | --- | --- | --- | --- | --- |
| | | | ૫. કચ્છ જીલ્લાના ખાંડેક વગેરે ગામોના મજૂરોને મજૂરીની ચૂકવણી નહી થતા ભૂખમરાની ઉભી થયેલ પરિસ્થિતિ. | સર્વશ્રી વીરજી ભીમજી દાફડા, ભૂપેન્દ્રસિંહજી જાડેજા અને મનુભાઈ હ. પાલખીવાળા. | * |
| | | | ૬. ભાવનગરની ન્યુ જહાંગીર વકીલ મીલ્સે કોલસાની તંગીને પરિણામે મિલ બંધ કરવાની નોટિસ મૂકતાં ઉભી થયેલ પરિસ્થિતિ. | શ્રી ધીરજલાલ બ. મહેતા | * |

* તા. ૩૧-૩-૭૧ના દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવેલ પરંતુ તા. ૩૦-૩-૭૧ના રોજ પ્રધાન મંડળે રાજીનામું આપ્યું હતું. તેથી તા. ૩૧-૩-૭૧ના રોજ સભાગૃહની બેઠક મળી કે તરત જ માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહ અચોક્કસ મુદત માટે મુલતવી રાખ્યું હતું. તા. ૨૮-૪-૭૧ના રોજ જ્યારે સભાગૃહ ફરીથી મળ્યું ત્યારે આ બન્ને સૂચનાઓમાં તાકીદનું તત્વ રહેતું ન હોવાથી તેને દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવી ન હતી.

Hb-426-8

## પત્રક ક્રમાંક-૧૧

## દાખલ કરવા માટેનું બિન-સરકારી વિધેયક

| વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ | દાખલ કર્યા તારીખ | વિધેયકનો ક્રમાંક અને પ્રકાશનની તારીખ | શેરો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| સન ૧૯૭૧નું ગુજરાત પાણી બગાડ નિવારણ વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી દિગ્વિજયસિંહજી વિ.સ.સ. | ૩૦-૩-૧૯૭૧ | સન ૧૯૭૧નું વિ. સ. વિધેયક નં-૬ તા. ૨૨-૪-૭૧ | -- |

પત્રક ક્રમાંક-૧૨

## પહેલાં બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો

| અનુ-ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ | વિધેયકો અંગે પ્રસ્તાવો. | ચર્ચાની તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | સન ૧૯૬૯નું વિ. સ. વિધે-યક નં-૧૦, સન ૧૯૬૯નું ગુજ-ગુજરાત નગર વિકાસ મંડળ વિધેયક. | પંચાયત અને આરોગ્ય. | શ્રી સનત મહેતા, વિ. સ. સ. | — | -- | સમય ફાળવવામાં આવ્યો ન હતો. |
| ૨. | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક નં-૧૯, સન ૧૯૬૯નું મુંબઈ મહેસૂલ હકૂમત (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ | શ્રી જી. ડી. પાઠક. વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે. | ૩૦-૩-૧૯૭૧ | પ્રસ્તાવનો અસ્વી-કાર કરવામાં આવ્યો. |
| ૩. | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક નં-૨૧ સન ૧૯૬૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય. | શ્રી જી. ડી. પાઠક વિ. સ. સ. | — | -- | સમય ફાળવવામાં આવ્યો ન હતો. |
| ૪. | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક નં-૨૨, સન ૧૯૬૯નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પો-રેશન (ગુજરાત સુધારા) વિધેયક. | -એજન- | શ્રી મનુભાઈ પાલખીવાળા વિ. સ. સ. | — | -- | -એજન- |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | સન ૧૯૬૯નું વિ સ. વિધેયક નં-૨૪, સન ૧૯૬૯નું મુંબઈ પ્રોવિશિન્યલ મ્યુનિસિપલ કોર્પો-રેશન (ગુજરાત સુધારા) વિધેયક. | -એજન- | શ્રી સનત મહેતા વિ. સ. સ. | — | ૩૦-૩-૧૯૭૧ | પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીને કારણે વિધેયક ચર્ચામાં લેવામાં ન આવ્યું. |
| ૬. | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક નં-૨૫, સન ૧૯૬૯નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કાર્પો-રેશન (ગુજરાત સુધારા) વિધેયક. | -એજન- | શ્રી મનુભાઈ પાલખીવાળા વિ. સ. સ. | — | -- | સમય ફાળવવામાં આવ્યો ન હતો. |
| ૭. | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક નં-૪૨, સન ૧૯૬૯નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક. | -એજન- | શ્રી ઈન્દુભાઈ પટેલ વિ. સ. સ. | — | ૩૦-૩-૧૯૭૧ | પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીને કારણે વિધેયક ચર્ચામાં લેવામાં ન આવ્યું. |
| ૮. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં-૧૯, સન ૧૯૬૯નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક. | ખેતી, વન અને સહકાર. | -એજન- | — | -- | સમય ફાળવવામાં આવ્યો ન હતો. |
| ૯. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં-૨૦, સન ૧૯૬૯નું ગુજરાત અવશિષ્ટ સ્વત્વાર્પણ નાબૂદી (રદ કરવા બાબત) વિધેયક. | મહેસૂલ | શ્રી મનોહરસિંહજી જાડેજા વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે. | ૨૬-૧૧-૧૯૭૦ ૩૦-૩-૧૯૭૧ | પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો. |
| ૧૦. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં-૨૩, સન ૧૯૬૯નું ગુજ-રાતના ઔદ્યોગિક કામદારો માટે મકાનોની જોગવાઈ કરવા બાબ-તનું વિધેયક. | જાહેર બાંધકામ | શ્રી મનુભાઈ પાલખીવાળા વિ.સ.સ. | વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે. | ૩૦-૩-૧૯૭૧ | -એજન- |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૧૧. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં-૨૭, સન ૧૯૬૯નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક. | શિક્ષણ અને મજર | સર્વશ્રી મનોહરસિહજી જાડેજા અને સનત મહેતા વિ.સ.સ. | — | — | સમય ફાળવવામાં આવ્યો ન હતો. |
| ૧૨. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં-૨૮, સન ૧૯૬૯નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક. | ખેતી, વન અને સહકાર | શ્રી કસ્તુરભાઈ દોશી વિ. સ. સ. | — | — | -એજન- |
| ૧૩. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં-૨૯, સન ૧૯૭૦નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય | શ્રી ગોસાઈભાઈ પટેલ વિ.સ.સ. | — | — | -એજન- |
| ૧૪. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં-૩૦, સન ૧૯૭૦નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ | શ્રી ત્રિકમલાલ પટેલ વિ. સ. સ. | — | — | -એજન- |
| ૧૫. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં-૩૧, સન ૧૯૭૦નું ગુજરાત શહેરી સ્થાવર મિલ્કત હક ભાડૂતોને તબદીલ કરવા બાબતનું વિધેયક. | જાહેર બાંધકામ | -એજન- | — | ૩૦-૩-૧૯૭૧ | પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીને કારણે વિધેયક ચર્ચામાં - લેવામાં ન આવ્યું.. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૬. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં-૩૨, સન ૧૯૭૦નું હોમીયોપેથીક (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય | શ્રી દેવજીભાઈ પરમાર વિ. સ. સ. | — | -- | સમય ફાળવવામાં આવ્યો ન હતો. |
| ૧૭. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં-૩૩, સન ૧૯૭૦નું ગુજરાત મંત્રીઓના પગાર તથા ભથ્થાં (સુધારા) વિધેયક. | સામાન્ય વહીવટ | સર્વશ્રી મનોહરસિંહજી જાડેજા અને સનત-મહેતા વિ. સ. સ. | — | -- | -એજન- |
| ૧૮. | સન ૧૯૭૦નું વિ. સ. વિધેયક નં-૩૪, સન ૧૯૭૦નું ગુજરાત રાજ્ય સેવા વિધેયક. | -એજન- | સર્વશ્રી મનોહરસિંહજી જાડેજા, સનત મહેતા અને વસંત પરીખ વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે | ૩૦-૩-૧૯૭૧ | પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો. |
| ૧૯. | સન ૧૯૭૧નું વિ. સ. વિધેયક નં-૧, સન ૧૯૭૧નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર | શ્રી મનુભાઈ પાલખીવાળા વિ. સ. સ. | — | -- | સમય ફાળવવામાં આવ્યો ન હતો. |

60883.



## પત્રક ક્રમાંક—૧૩

## વિધાનસભાની જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણીઓ

| ક્રમાંક | સમિતિનું નામ | સભ્યોનાં નામ | ચૂંટણીના પરિણામની જાહેરાત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | જાહેર હિસાબ સમિતિ | ૧. શ્રી ગોરધનદાસ ચોખાવાલા, પ્રમુખ.<br>૨. શ્રી ચુનીલાલ પટેલ,<br>૩. શ્રી ભાઈલાલભાઈ પટેલ,<br>૪. શ્રી આનંદીલાલ મહેતા,<br>૫. શ્રી દ્વારકાદાસ બારાઈ,<br>૬. શ્રી શંકરભાઈ વાઘેલા,<br>૭. શ્રી મહંમદહુસેન ગોલંદાઝ,<br>૮. શ્રી જયંતિલાલ શાહ,<br>૯. શ્રી કમળાશંકર દવે,<br>૧૦. શ્રી પ્રભુલાલ દવે અને<br>૧૧. શ્રીમતી સુમિત્રાબેન ભટ્ટ. | ૨૫-૩-૧૯૭૧ |
| ૨. | અંદાજ સમિતિ | ૧. શ્રી ચંદ્રશંકર ભટ્ટ, પ્રમુખ.<br>૨. શ્રી દેવજીભાઈ પરમાર,<br>૩. શ્રી સનતકુમાર મહેતા,<br>૪. શ્રી માર્તંડરાય શાસ્ત્રી,<br>૫. શ્રી ભોગીલાલ પટેલ,<br>૬. શ્રી પ્રતાપરાય શાહ,<br>૭. શ્રી ભીમસીંગભાઈ વસાવે,<br>૮. શ્રી રમણલાલ પટેલ,<br>૯. શ્રી મંગળદાસ પોલા,<br>૧૦. શ્રી ટીટાભાઈ હઠીલા અને<br>૧૧. શ્રી પોપટલાલ વ્યાસ. | ૨૫-૩-૧૯૭૧ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩. | જાહેર સાહસો માટેની સમિતિ. | ૧. શ્રી કેશવભાઈ રતનજી પટેલ, પ્રમુખ,<br>૨. શ્રી બાલાશંકર જેશંકર જોષી,<br>૩. શ્રી ચુનીલાલ પોપટલાલ ચુડગર,<br>૪. શ્રી મનુભાઈ હરિલાલ પાલખીવાળા,<br>૫. શ્રી માંનાભાઈ રેવાભાઈ ભાંભી,<br>૬. શ્રી ચંદ્રકાન્ત મૂળજીભાઈ પરીખ,<br>૭. શ્રી ધીરજલાલ બકોરદાસ મહેતા,<br>૮. શ્રી ગંગાબેન અમૃતલાલ વાઘેલા,<br>૯. શ્રી અર્જુનસિંહ ભારતસિંહ ઠાકોર,<br>૧૦. શ્રી કિશોરસિંહ કાળુસિંહજી પરમાર અને<br>૧૧. શ્રી ગણપતલાલ જેઠાલાલ ત્રિવેદી. | ૨૫-૩-૧૯૭૧ |

## પત્રક ક્રમાંક—૧૪

### જુદી જુદી સમિતિઓ ઉપર અધ્યક્ષશ્રીએ નીમેલા સભ્યો

| અનુક્રમ | સમિતિનું નામ | સભ્યોનાં નામ | નિમણૂકની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિ | ૧. શ્રી રાઘવજી લેઉવા, અધ્યક્ષશ્રી,<br>૨. શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ, સભાગૃહના નેતાશ્રી,<br>૩. શ્રી પ્રેમજીભાઈ ઠક્કર,<br>૪. શ્રી વિજયકુમાર ત્રિવેદી,<br>૫. શ્રી જયરામભાઈ પટેલ,<br>૬. શ્રી ઈન્દુભાઈ પટેલ,<br>૭. શ્રી પોપટલાલ વ્યાસ,<br>૮. શ્રી કાન્તિલાલ ઘીયા,<br>૯. શ્રી નરેન્દ્રસિંહ ઝાલા,<br>૧૦. શ્રી લીલાધર પટેલ અને<br>૧૧. શ્રી માર્તંડરાય શાસ્ત્રી. | ૧૬-૩-૧૯૭૧ |

## પત્રક ક્રમાંક—૧૫

## વિભાજન

| ક્રમાંક | તારીખ | જે પ્રસ્તાવ પર વિભાજન માંગવામા આવ્યું હોય તે પ્રસ્તાવનો વિષય | જે પ્રસ્તાવ પર વિભાજન માગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યનું નામ | વિભાજનની માગણી કરનાર સભ્યનું નામ | પ્રસ્તાવની તરફેણમાં મતની સંખ્યા | પ્રસ્તાવની વિરૂધ્ધમાં મતની સંખ્યા | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ૨૬-૩-૧૯૭૧ | સન ૧૯૭૧ના વિ. સ. વિધેયક ક્રમાંક-૩-પરની કલમ ૨ ઉપરનો સુધારો | શ્રી સનત મહેતા | શ્રી સનત મહેતા | ૨૨ | ૫૬ | સુધારો નામંજૂર કરવામાં આવ્યો, વિધેયક પસાર કરવામાં આવ્યું. |

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

Hb-426-9